ॐ

॥ तस्य वाचकः प्रणवः ॥

# ઋતમ્ભરા

**આત્મનો હિતાય જગતઃ સુખાય**



પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી


વર્ષ - ૩૭ (ઓકટોબર, નવેમ્બર, ડિસેમ્બર)    માનદ્ તંત્રી : મિનિષ પટેલ

VOL - 37 (2021-22)    ISSUE-II


'યોગ' ભિક્ષા લાવીઓ, 'ભિક્ષુ' બની ગુરુદ્વાર;
મુમુક્ષુ જરૂર પામશે, સૌનો મુજમાં ભાગ.

॥ ॐ ॥
॥ तस्य वाचकः प्रणवः ॥






## ઓમ્ પરિવારના ઉત્સવો

| કયા પ્રસંગ નિમિત્તે | સ્થળ | ઊજવવાની તારીખ |
|---|---|---|
| ઓમ્ ગુરુદેવ જયંતી | કામનાથ મહાદેવ હૉલ<br>લૉયેલા (સેંટ ઝેવિયર્સ) સ્કૂલ સામે,<br>સેંટ ઝેવિયર્સ સ્કૂલ રોડ, નવરંગપુરા, અમદાવાદ–૯ | ૩૧–૧૦–૨૦૨૧<br>રવિવાર<br>૪–૩૦ થી ૮ |
| બેસતુ વર્ષ | સુમન સજની હોલ<br>સોમેશ્વર મહાદેવ પાસે, હિરાભાઈ ટાવર પાસે,<br>ભાડવાતનગર, મણીનગર, અમદાવાદ–૮ | ૦૫–૧૧–૨૦૨૧<br>શુક્રવાર<br>સવારે ૭ થી ૯ |
| ઓમ્ ગુરુદેવ જયંતી | હાટકેશ્વર મંદિર<br>નદીઓમ દરવાજા, મુ. વડનગર<br>જિ. મહેસાણા | ૨૮–૧૧–૨૦૨૧<br>રવિવાર<br>સવારે ૧૦ થી ૨ |
| શ્રી ગાયત્રીઅનુષ્ઠાન<br>સાધનાશિબિર<br>નિમિત્તે | ‘નિર્વિકલ્પ મુક્તિધામ’<br>નાથાભાઈ એ. પટેલના ખેતરમાં,<br>મુ. પલિયડ (વેડા), તા. કલોલ,<br>જિ. ગાંધીનગર. મો. ૯૮૨૫૦૨૩૩૦૪ | ૨૬–૧૨–૨૦૨૧<br>રવિવાર<br>સવારે ૧૦ થી ૨ |

**વર્તમાન પરિસ્થિતીને ધ્યાનમાં રાખીને કાર્યક્રમ ની ઉજવણી કરવી કે નહીં તે જે તે સમયે નક્કી થશે.**

॥ ૐ ॥

॥ तस्य वाचकः प्रणवः ॥

# રુતમ્ભરા (ઋતમ્ભરા) એટલે અનુભવયુક્ત સત્યથી ભરેલું
# બહુજનહિતાય-બહુજનસુખાય

## જીવનમાં વ્યાયામનું મહત્વ

- ભાવેશ રાવલ

જીવનને ઊત્તમ રીતે જીવવા માટે સર્વપ્રથમ સ્વસ્થ શરીર ની આવશ્યકતા હોય છે. યોગ્ય કસરત દ્વારા શુ-સ્વસ્થ શરીરની પ્રાપ્તિ કરી શકાય છે.

પરમ પૂજય ગુરુદેવ શ્રી તેમના સંસર્ગમાં આવનાર દરેકને નિયમિત વ્યાયામ કરવા જણાવે છે. પૂજ્ય શ્રી કહે છે કે જેમ શરીરને સ્વસ્થ રાખવા માટે ખોરાક ની જેટલી આવશ્યકતા છે તેટલી જ આવશ્યકતા વ્યાયામની છે. શરીરના આંતરિક અવયવોને સ્વસ્થ રાખવા માટે પ્રાણાયામ અને બાહ્ય અવયવો ની સ્વસ્થતા માટે વ્યાયામની અતિ આવશ્યકતા છે. આમ બંનેને યોગ્ય રીતે કરવાથી સ્વસ્થ શરીરની પ્રાપ્તિ કરી શકાય છે. આજે પણ પૂજ્ય ગુરુદેવ શ્રી, તેઓની આટલી બધી વ્યસ્તતામાં પણ વ્યાયામ માટે તો સમય કાઢી લેતા હોય છે.

પૂજ્યશ્રીનાં જીવનમાં ઉપવાસનું પણ ઘણું મહત્વ છે. પૂજ્ય શ્રી ને શરીરમાં નાની મોટી તકલીફ જેવી કે, સામાન્ય તાવ આવવો, પેટમાં ગરબડ થવી આવા સમયે પૂજ્ય શ્રી એકાદ બે ઉપપાસ તો કરી જ લેતા હોય છે. મને યાદ છે કે પૂજ્ય શ્રી પાલકની ભાજી તથા ગાજરનો રસ પોતાની જાતે જ મિક્સરમાં બનાવી લેતા ઘણા દિવસો સુધી ફક્ત રસ ઉપર જ રહેતા.

આમ દરેક ઉંમરના લોકો પ્રાણાયમ - વ્યાયામ અને ઉપવાસ દ્વારા સ્વસ્થ રીતે જીવન જીવી શકે છે. આપણે પણ યથાયોગ્ય પ્રયત્ન કરી સ્વસ્થતા પૂર્વક જીવનને બોજ બનાવ્યા વગર સારી રીતે જીવવાનો-માણવાનો પ્રયત્ન કરીએ.

જય નારાયણ

## ગિરનારની શિવરાત્રી

''મારા ગુરુદેવ'' પુસ્તકમાંથી સાભાર

એક વખત હું અને માધાભાઈ (ખંડેરાવપુરાવાળા) શિવરાત્રીએ ગિરનાર ગયા.

આ વખતે અમારી ઈચ્છા મહાકાળીની ટૂકે જવાની હતી. એ માર્ગ બિલકુલ બંધ છે. ત્યાં કોઈ જાત્રાળુ જતા નથી કે જવા દેવામાં આવતા નથી.

દત્તધૂણાની જમણી બાજુના બારણાંમાંથી અમે કમંડલુકુંડ બાજુ ઊતરી ગયા. ત્યાંથી મહાકાળીની ટૂક તરફ ચાલવા લાગ્યા. રસ્તો કે કેડી જેવું કાંઈ ન મળે. હજારો મણના પથ્થરો જ અવળાસવળા ચારે બાજુ વિસ્તરેલા. કોઈની પણ અવરજવર નહીં તેથી પૂછવું પણ કોને? વળી, સાંભળેલું કે તે તરફ અઘોરીઓની બીક પણ ખરી. કોઈ જગ્યાએ તો એક પથ્થર ઉપરથી બીજા પથ્થર ઉપર કૂદવું પણ પડે. થોડે-થોડે અંતરે સિંદૂરનું આછું ત્રિશૂળ (સિંદૂરનું ત્રિશૂળ હતું કે તીર જેવું નિશાન હતું, તે બરાબર યાદ નથી) આવે તે નિશાનીએ નિશાનીએ આગળ વધતા જઈએ.

એક તો તાપ થઈ ગયેલો અને કૂદકા મારવા પડે એટલે તરસ લાગવા માંડી. અમને એમ કે હમણાં પાછા

સત્યધર્મ ગુરુદેવ કી જય

જઈશુંને! એટલે પાણીનું સાધન સાથે લીધેલું નહીં. ઠેકતા-કૂદતા ચારે પગે થતા જ્યાં ત્રિશૂળ પૂરું થતું હતું ત્યાં પહોંચ્યા. ત્યાં કુદરતી ગુફા જેવું બનેલું હતું, તેથી થોડો ડર પણ લાગ્યો કે રખે અંદર કોઈ હોય અને ગાળો ખાવી પડે! અંદર કોઈ હતું નહીં. ત્યાં ઘડીક બેઠા. ચારે બાજુ નજર કરી તો ડાકણના વાંસા જેવા અને રાક્ષસના માથા જેવા, ઊબડખાબડ લઘુગુરુ પથ્થરોનો વિરાટ-વિશાળ અનંત સમુદ્ર પથરાયેલો દેખાતો હતો. તરસે ગળામાં શોષ પડવા લાગ્યો હતો. અંદરથી પાણી-પાણી પોકાર થતો હતો. તરસના કારણે ત્યાંથી ઊઠવાનું મન થતું નહોતું. પણ ઊઠ્યા વિનાયે છૂટકો નહોતો. અમે ઊઠ્યા. કમંડલુકુંડ તરફ પાછા ચાલવા માંડ્યું. એ બધી જગ્યા દેખાય નજીક, પણ આવે નહીં. અડધે પહોંચ્યા હશું ને તરસે જીવ ટૂંકો ટૂંકો થવા લાગ્યો. પગ પાણી-પાણી થઈ જવા લાગ્યા. બેસી પડું, બેસી પડું થતું હતું, ત્યાં સામેથી બે ભાઈઓને આવતા જોયા. એકના હાથમાં પાણીથી ભરેલો લોટો હતો. તેમને જોઈને મને વિચાર આવ્યો કે આ ભાઈઓ આપણા જેવા મૂર્ખ નથી. પાણીનું સાધન સાથે લઈને મહાકાળીની ટૂકે જવા નીકળ્યા છે. ગરજવાનને અક્કલ ન હોય, વિચારવા લાગ્યા કે આ ભાઈઓ નજીક આવે એટલે તેમની પાસેથી ચાપુ-ચાપુ પાણી માંગવું અને અને કંઠ ભીનો કરીને પછી કમંડલુકુંડ તરફ ખેંતાલી મૂકવા. તેઓ પાસે આવ્યા. એટલે અમે કોગળો પાણીની માંગણી કરી. માગણી કરતાં પૂરો ડર હતો કે તેઓ નહીં જ આપે, કારણ કે તેઓ તો હજી મહાકાળીની ટૂકે જઈ રહ્યા છે, તેથી તેમને પાણીના સખત જરૂરત હોય જ. વળી, તાપ વધતો જતો હતો, પણ અમારા આશ્ચર્ય વચ્ચે તેમણે હસતાં-હસતાં પાણીનો લોટો અમારા હાથમાં મૂકતાં કહ્યું કે ધરાઈને પીઓ. અમે તો, તેમનો કાંઈ પણ વિચાર કર્યા વિના અડધો-અડધો લોટો પાણી બંને પી ગયા અને ખાલી લોટો તેમને પાછો આપ્યો. તેઓ ખાલી લોટો લઈને આગળ વધી ગયા અને અમે પાણી પીને અમારા સ્થાન બાજુ મારી મૂક્યું.

આવા આપતકાળે પાણી પિવડાવી ગયા તેમને કોણ સમજવા ? તમે સૌ જ તેનો જવાબ આપી શકો.

# ચાતુર્માસ - કેદારેશ્વર

**(સંસ્મરણ)** **સંકલન - શશિકાંત પટેલ**

સત્ય-ધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય તો જ આપણી જય.

દરેક ગુરુનિષ્ઠ શિષ્યને-ભક્તને પોતાના જીવનમાં બનેલ પ.પૂ.સદ્‌ગુરુદેવ સાથેના દરેક પ્રસંગ-અનુભવ સદાય પરમ્‌કલ્યાણકારી, પ્રેરણાદાયી જ હોય તે નિર્વિવાદિત સત્ય છે. આપણે સૌ જાણીએ છીએ કે પ.પૂ.સદ્‌ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજે ઓગણીસો એંશીની સાલમાં કપડવંજ તાલુકામાં ઉત્કંઠેશ્વર મહાદેવથી સાતેક કિલોમીટર દૂર વાત્રક નદીના કાંઠે શાંત,પવિત્ર, પ્રાકૃતિક, એકાંતમાં આવેલ કેદારેશ્વર મહાદેવના સ્થાનમાં જીવજગતના કલ્યાણ કાજે ચાતુર્માસનું રોકાણ કરેલ તે સમયે પૂજ્યશ્રીએ ત્યાં સતત સાધના, ભજન, જપ, તપ, સત્સંગ દ્વારા પરમકલ્યાણદાયી સાત્ત્વિક દિવ્યચેતનાની હેલી ચારે બાજુ રેલાવેલી. તે સમયે પૂજ્યશ્રીના પરમ સાનિધ્યમાં શ્રી ઉષાબેન તથા શ્રી ગુરુધ્યાનભિક્ષુજી (રોહિતભાઈ સુખડિયા-ડાકોર)ને સમગ્ર ચાતુર્માસ દરમિયાન પૂરો સમય સાથે રહેવાનો અને નિઃસ્વાર્થ સેવા કરવાનો અમૂલ્ય, અવિસ્મરણીય લહાવો પ્રાપ્ત થયો હતો. મને પણ ઘણો સમય તે લહાવો પ્રાપ્ત ગુરુકૃપાએ થયો હતો. તે સમયે પૂજયશ્રીના સાંનિધ્યમાં દિવ્ય અલૌકિક અનુભૂતિ સતત થતી રહેતી. તેવી જ એક અનુભૂતિને અહીં રજૂ કરવાનો નમ્ર પ્રયત્ન કરી રહ્યો છું.

કેદારેશ્વરમાં પૂજ્યશ્રીના ચાતુર્માસ રોકાણ દરમિયાન લગભગ દરરોજ સાંજે પૂજ્યશ્રી અને બીજા જે ઉપસ્થિતિ હોય તે સર્વે નદીકિનારે ફરવા જતા હતા.

**સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય તો જ આપણી જય**

આ પ્રસંગ બન્યો તે દિવસે કેદારેશ્વરમાં પૂજ્યશ્રીની સાથે ઉષાબેન,ધ્યાનભિક્ષુજી, બંને બાળક હેતાંગ, આશિષ તથા હું ઉપસ્થિત હતાં. તે દિવસે નદીકિનારે ફરવા ગયા ત્યારે પૂજ્યશ્રી સાથે હું તથા ઉષાબેન હતાં. શ્રી ગુરુધ્યાન ભિક્ષુજી કામ અંગે ડાકોર ગયા હતા. સાંજે સાત વાગે તેલનાર આવતી બસમાં પાછા આવવાના હતા તથા હેતાંગ-આશિષ, શ્રી પી.યુ.વ્યાસનાં તેમની જ ઉંમરનાં બે બાળકો સાથે રમતાં હતાં. શ્રી ગુરુદેવ કેદારેશ્વરમાં પધાર્યા ત્યારે પ્રથમ દિવસે જ ગુરુદેવનો પરિચય થતા શ્રી વ્યાસ પૂજ્યશ્રીના ખૂબ જ પ્રેમી થઈ ગયેલા. તેમણે તથા તેમના પરિવારે ચતુર્માસ દરમિયાન ખૂબ જ સેવા કરવાનો અમૂલ્ય લહાવો લીધો હતો. તેઓ તેલનાર ગામની હાયર સેકેન્ડરી સ્કૂલના પ્રિન્સિપાલ હતા અને આ સમયમાં તેઓ અમારા ઉતારાની સામેની બાજુ પરિવાર સાથે થોડા સમય માટે રહેવા આવ્યા હતા. તેઓ ખૂબ જ ગુરુ-સંતપ્રેમી હતા. તે દિવસે પૂજ્યશ્રી સાથે સત્સંગ કરતા કરતા નદી કિનારે થોડા વધુ દૂર નીકળી ગયા હતા. વળી, તે દિવસે ફરવા જવાનું થોડું મોડું પણ થયું હતું. પૂજ્યશ્રી ઊભા રહ્યા અને પછી કહે કે "હવે પાછા વળીએ. રોજ કરતાં થોડા વધારે દૂર નીકળી ગયા છીએ. થોડીવારમાં સૂર્યાસ્ત થશે, તેથી અંધારુ થાય તે પહેલાં પાછા ઉતારે પહોંચી જઈયે." આમ, અમે પાછાં આવવા નીકળ્યાં. નદીકિનારે સળંગ વાડીઓ આવેલી હતી. તે વાડીઓના માલિક પણ પૂજ્યશ્રી પ્રત્યે ખૂબ જ આદરભાવ-પ્રેમ રાખતા હતા.અમે પાછાં આવતાં હતાં ત્યાં એક વાડીવાળો દોડતો આવી અને પૂજ્યશ્રીને પ્રણામ કર્યા. પૂજ્યશ્રી તેની સાથે વાતો કરતા ઊભા રહ્યા. હું તથા ઉષાબેન ઉતારા તરફ ચાલતાં આગળ વધ્યાં. ઉતારો નદીની સપાટીથી થોડો ઊંચે ટેકરી ઉપર હતો, અને નીચે એક મોટો હોજ બનાવેલ હતો. મહાદેવના મંદિર બાજુથી બે ઝરણાંનું પાણી ચોવીસે કલાક સતત હોજમાં આવતું હતું, અને પછી હોજમાંથી વહી નદીને મળતું હતું. અમે હોજ પાસે પહોંચીને પાછું વળીને જોયું તો પૂજ્યશ્રી પેલા વાડીવાળા સાથે વાતો કરી રહ્યા હતા. તેથી અમે બંને હોજની પાળી ઉપર પૂજ્યશ્રીની આવવાની રાહ જોતા બેઠા. થોડી વારમાં પૂજ્યશ્રી અમારી તરફ આવવા નીકળ્યા. પૂજ્યશ્રીના એક હાથમાં લાંબી લાકડી અને બીજા હાથમાં ચોરસ ડબ્બા આકારની બૅટરી હતી. જ્યારે પણ ફરવા જવાનું થાય ત્યારે પૂજ્યશ્રી આ બે વસ્તુ અવશ્ય સાથે રાખતા.વળી, ગરમીના કારણે પૂજ્યશ્રીએ કમ્મરથી નીચેના ભાગ ઉપર લાલ ગમછો વીંટાળેલો હતો. પૂજ્યશ્રીના માથાના વાળ છૂટા હતા, જે ખભાથી પણ નીચે સુધી ફેલાયેલા હતા. લાંબી દાઢી હવામાં ફરફરી રહી હતી. કારણ કે વર્ષોથી પૂજ્યશ્રીએ પંચકેશ ઉતરાવ્યા ન હતા. અમે હોજની પાળી ઉપર બેઠાં બેઠાં પૂજ્યશ્રીને જોઈ રહ્યાં હતાં.ત્યારે મને દિવ્ય-અવિસ્મરણીય-અલૌકિક અનુભૂતિ થઈ. પૂજ્યશ્રીના હાથમાં લાકડી અને બૅટરી હતાં તેની જગ્યાએ ત્રિશૂળ અને ડમરુ દેખાઈ રહ્યું હતું. કમરે વીંટાડેલ ગમછાની જગ્યાએ વ્યાઘાંબર વીંટાયેલ હતું.ખુલ્લા વાળ હવામાં ફરકતા હતા. આમ,મને શિવસ્વરૂપ સાક્ષાત્ મહાદેવના દર્શન થયા. મેં ઉષાબેનને પૂછ્યું કે સામેથી આપણી તરફ કોણ આવતા દેખાય છે? મને તો આપણી તરફ શિવસ્વરૂપ સાક્ષાત્ મહાદેવ આવતા દેખાય છે. ઉષાબેન કહે કે મને પણ સાક્ષાત્ શિવસ્વરૂપ મહાદેવ આવતા દેખાઈ રહ્યા છે.હું પણ તે દિવ્યસ્વરૂપને જ જોઈ રહી છું. આમ અમને બંનેને એક જ સમયે એકસાથે પૂજ્યશ્રીમાં સાક્ષાત શિવસ્વરૂપ મહાદેવના દિવ્ય-અલૌકિક-અવિસ્મરણીય દર્શનની અનુભૂતિ થઈ. અમે બંને તેને ખૂબ જ પ્રેમ અને ભક્તિભાવપૂર્વક નીહાળી રહ્યાં હતાં. ત્યાં પૂજ્યશ્રી નજીક આવી ગયા હતા અને કહે કે ચાલો ઉપર જઈએ— અમે એ દિવ્ય અનુભૂતિમાંથી બહાર આવ્યાં - પછી પૂજ્યશ્રી અને અમે ઉતારે ગયાં - થોડીવારમાં શ્રી ધ્યાનભિક્ષુજી તથા હેતાંગ-આશિષ આવ્યા. રાતનો ભોજન-પ્રસાદનો કાર્યક્રમ પતાવી અમે પૂજ્યશ્રીના સાંનિધ્યમાં બેઠા— સૂવાનો સમય થતાં હેતાંગ-આશિષ સૂઈ ગયા.થોડીવાર પછી પૂજ્યશ્રી પણ

આરામ કરવા રૂમમાં ગયા. ત્યાર બાદ હું, ઉષાબેન તથા ધ્યાનભિક્ષુજી આગળ ચોતરા જેવી વિશાળ જગ્યા હતી, ત્યાં આસોપાલવના ઝાડ નીચે બાંકડો હતો, ત્યાં જઈને બેઠાં-ત્યાં અમે શ્રી ધ્યાનભિક્ષુજીને અમારી દિવ્ય અનુભૂતિની વાત કરી.તેઓ ખૂબ જ આનંદિત થયા. તે વિષે અમે ત્રણે જણાએ પરસ્પર ખૂબ જ વિચારવિમર્શ કરીને જે સમાધાનકારી નિષ્કર્ષ ઉપર આવ્યા તે નીચે મુજબ છે:

શિવનો અર્થ થાય કલ્યાણ. શિવતત્વ એટલે કલ્યાણકારી તત્ત્વ-ચૈતન્યશક્તિ.પુલ્લિંગ રૂપે તેને મહાદેવ અને સ્ત્રીલિંગ રૂપે તેને મહાદેવી કહે છે. આ તત્ત્વ-શક્તિ તો નિર્ગુણ,નિરાકાર, અજન્મા,અકર્મા,શાશ્વત,સર્વવ્યાપક છે. તે સાકાર નથી, જેથી તેને સ્થૂળ નયનોથી નિહાળી શકાતી નથી કે હાથથી સ્પર્શી શકાતી નથી. માત્ર તેનો અનુભવ જ કરી શકાય છે. વળી તે,અકર્મા હોવાથી તે જાતે કાંઈ જ કરતી નથી. પરંતુ તેની હાજરી માત્રથી જ જગતનું સંચાલન યથાયોગ્ય રૂપે થતું હોય છે. તેની હાજરી માત્રથી ત્રિગુણાત્મક વિશ્વમાં રહેલ સમગ્ર અસત્ય-અધર્મયુક્ત આસુરી શક્તિઓ, અનિષ્ટો દૂર થાય છે.સત્ય-ધર્મયુક્ત સાત્ત્વિક શક્તિઓ અને સદ્‌ગુણોનો પૂર્ણોદય થાય છે. પરિણામે સૌ કોઈ ભ્રમણાઓ,અંધશ્રધ્ધા, અસંયમી સ્વચ્છંદ આહાર-વિહારમાંથી સમજણપૂર્વક મુક્ત થાય છે. સંયમી અને અનુસાશિત સાત્ત્વિક જીવન જીવવા પ્રેરાય છે. નિત્ય-અનિત્યના વિવેકરૂપી સાચી સમજણને પામે છે.સત્ય-ધર્મયુક્ત સદાચારી જીવન જીવતા વધુ ને વધુ સત્કર્મો કરવા પ્રેરાય છે.મનુષ્યજન્મની સાર્થકતા જેમાં રહેલી છે, તે શાશ્વત સુખ-શાંતિને પામવના નિષ્ઠાપૂર્વકના પુરુષાર્થને વધુ ને વધુ કરવા પ્રેરાય છે. અને આત્મકલ્યાણને પામે છે. પરંતુ આ ત્યારે જ શક્ય બને છે કે જ્યારે જીવ આ શિવસ્વરૂપ મહાદેવ-મહાદેવીના શરણમાં નિષ્ઠા, પ્રેમ અને સમજણપૂર્વક જાય છે. તેના મય બની સાત્ત્વિક, સદાચારી,સંયમી જીવન જીવે છે. આમ, આ શિવસ્વરૂપ શક્તિની હાજરી માત્રથી, તેનું આલંબન કરવાથી સૌ કોઈ સુખ-શાંતિ પામે છે, કલ્યાણપથમાં આગળ વધી મનુષ્યજીવન સાર્થક કરી શકે છે, તેથી આ શિવરૂપ કલ્યાણકારી પરમ્ ચૈતન્યશક્તિને મહાદેવ કે મહાદેવી કહી છે, જેનો બોધક વાચક ઓમ્ છે.

આપણે જાણીએ છીએ કે પ.પૂ.સદ્‌ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજનું અવતરણ સર્વ જીવ કલ્યાણ હેતુ જ થયુ છે. તેઓ પોતાનું સમગ્ર જીવન આ પરમચૈતન્ય શક્તિ કે જેનો વાચક-બોધક ઓમ્ છે તેને સમર્પીત કરીને જીવન જીવી રહ્યા છે.તેમનો જીવન ઉદ્દેશ્ય-ધ્યેય માત્ર ને માત્ર જીવજગતના કલ્યાણનો રહેલો છે.તે માટેનો પુરુષાર્થ પોતે સ્વતંત્ર રીતે કાંઈ જ કરતાં નથી. પરંતુ પોતે જેને સંપૂર્ણ - સર્વાંગી સમર્પિત છે, તે આ કલ્યાણકારી ચૈતન્યશક્તિની પ્રેરણા અનુસાર જ સર્વ કરી રહ્યા છે. આમ, સદ્‌ગુરુદેવ પણ સર્વજીવજગતનું કલ્યાણ કરવા અર્થે જે સતત મહાભગીરથ પુરુષાર્થ કરી રહ્યા છે તે માત્ર પરમ્શક્તિના દૂત બનીને, તેમના અનુશાસનમાં રહીને, તેમની પ્રેરણા અનુસાર કરી રહ્યા છે. તેથી પૂજ્યશ્રી પણ શીવ-કલ્યાણ સ્વરૂપ જ છે. તેથી નીરાકાર શીવરૂપ કલ્યાણકારી પરમ્ શક્તિના સાકાર એવા સદ્‌ગુરુદેવના અમને સાક્ષાત શિવ સ્વરૂપે દર્શન-અનુભૂતિ થઈ.

તે રાત્રે ખૂબજ વિચાર-વિમર્શ-ચિંતન-મનન કરી અમારી મતિ મુજબ ગુરુકૃપાએ આ દિવ્ય અનુભૂતિનું સમાધાન કરી ખૂબ જ આનંદવિભોર થયાં.

આપણે સૌ ખૂબ જ મહાભાગ્યશાળી છીએ કે જેથી આપણને પ્રત્યક્ષ શિવ સ્વરૂપ મહાદેવ એવા પૂજ્યશ્રીનું પરમ્સાનિધ્ય પ્રાપ્ત થયું છે. પૂજ્યશ્રી ને પ્રાર્થના કરીએ કે જીવનના અંતિમ શ્વાસ સુધી માત્ર ને માત્ર આપશ્રીમય જ બની, આપના ચીંધ્યા રાહે સાત્ત્વિક જીવન પ્રેમપૂર્વક જીવી મનુષ્યજન્મ સાર્થક કરી શકીએ તેવી અખંડ કૃપા-કરુણા સદાય વરસાવજો.

સત્ય-ધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય તો જ આપણી જય.

- અસ્તુ

ઓમ્...ઓમ્...ઓમ્...

# ચાતુર્માસ - કેદારેશ્વર

(સંસ્મરણો) સંકલન - ઉષાબેન પટેલ

સત્ય-ધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય તો જ આપણી જય.

પ.પૂ. સદ્ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજનું અવતરણ જીવ-જગતના કલ્યાણ હેતુ જ થયેલ છે. પોતાના આ સર્વજીવ હિતાય-સુખાયના ઉદ્દેશ્યની પૂર્તિ માટે પૂજયશ્રીએ પરીભ્રમણ કરેલ છે. તેના અનુસંધાનમાં પૂજયશ્રીએ વિક્રમસંવત ઓગણીસો એંશીની સાલમાં વાત્રક નદીના કાંઠે આવેલ કેદારેશ્વર મહાદેવના સ્થાનમાં ચાતુર્માસ રોકાણ કરેલ. આ સ્થાન કપડવંજ તાલુકામાં ઉત્કંઠેશ્વર મહાદેવથી લગભગ સાત કિલોમીટર દૂર આવેલું છે. એકાંત, શાંત, પવિત્ર, પ્રાકૃતિક અને અતિ રમણીય એવું આ સ્થાન છે. પૂજયશ્રીના ચાતુર્માસના રોકાણ દરમિયાન મને (ઉષાબેન) તથા શ્રી ગુરુધ્યાનભિક્ષુજી (રોહિતભાઈ સુખડિયા-ડાકોર)ને સમગ્ર ચાતુર્માસના પૂરેપૂરા સમય પૂરતું  પૂજયશ્રીની કૃપાના ફળસ્વરૂપ પૂજયશ્રીના સાંનિધ્યમાં રહી નિઃસ્વાર્થ સેવા કરવાનો અમૂલ્ય લહાવો પ્રાપ્ત થયો હતો.પૂજયશ્રીના સુસાંનિધ્યમાં જીવનપાથેય એવા પ્રેરણાદાયી પ્રસંગો સતત બનતા હતા. એવા જ એક પ્રસંગને નીચે મુજબ રજૂ કરવાનો નમ્ર પ્રયત્ન કરી રહી છુ.

વાત્રકનદીની સપાટીથી થોડી ઊંચાઈ ઉપર ‘વિશ્રામભુવન’ માં અમારો ઉતારો હતો . તે સમયે બારેમાસ ચારે બાજુથી ઝરણાં નીકળી નદીમાં મળતાં હોવાથી નદી બારે માસ વહેતાં પાણીથી ભરેલી રહેતી. પાણીની સગવડને કારણે નદીકાંઠે સળંગ ટેટી, તડબૂચ, શાકભાજીની વાડીઓ આવેલી હતી.તે વાડીઓના માલિક પણ પૂજયશ્રી પ્રત્યે ખૂબ જ આદરભાવ રાખતા હતા. અવાર-નવાર તેઓ મીઠી ટેટી, તડબૂચ તથા શાકભાજી પ્રેમથી આપી જતા. આ પ્રસંગ બન્યો તે દિવસે સવારે એક વાડીવાળા ભાઈ તડબૂચ આપી ગયા હતા. ટેટી, તડબૂચ, કેરી કે બીજું જે કાંઇ ફ્રૂટ હોય તેને પૂજયશ્રી જાતે સાંજના સમયે સમારીને તૈયાર કરતા પછી તેમાંથી પૂજયશ્રી પોતે થોડો પ્રસાદ લેતા અને બાકીનું ત્યાં જે કોઈ હાજર હોય તે સૌને વહેંચી લેવા કહેતા. જે દિવસે વાડીવાળા ભાઈ તડબૂચ આપી ગયા હતા, તે દિવસે સાંજે પૂજયશ્રીએ એક થાળીમાં તે સમારી ટુકડા કર્યા, તથા બીજી થાળીમાં તેનાં છોતરાં મૂક્યાં હતાં. તે છોતરાં વાળી થાળી લઈને છોતરાં નાખી દેવા આશિષ કે જેની ઉંમર તે સમયે છ વર્ષની હતી તે લઈને ગયો. છોતરાં નાંખતા તેનો પગ લપસ્યો અને પાંચ-છ ગોઠમડાં ખાઈ ઉપરથી નીચેની બાજુ પડ્યો. તેને પડતો જોઈ શ્રી ગુરુધ્યાનભિક્ષુજી દોડ્યા અને આશિષને ઊંચકી લીધો. જોયું તો તેના માથામાંથી લોહી નીકળતું હતું. મારા પિતાજી પણ તે સમયે કેદારેશ્વરમાં જ હતા. ગુરુધ્યાનભિક્ષુજી આશિષને લઈ ગુરુજી પાસે આવ્યા અને માથામાં વાગ્યું હોવાનું જણાવ્યું. ગુરુજીના કહેવાથી શ્રી ગુરુધ્યાનભિક્ષુજી તથા મારા પિતાજી આશિષને તેલનાર ગામમાં ડૉ.કેતનભાઇ પાસે લઈ ગયા. તેલનાર ગામ કેદારેશ્વરથી લગભગ દોઢ કિલોમીટર દૂર આવેલું છે. તે સમયે ગામમાં ગામપંચાયત સંચાલિત સરકારી હૉસ્પિટલ આવેલી હતી. ડૉ.કેતનભાઈ પરિવાર સાથે હૉસ્પિટલમાં જ રહેતા હતા. ડૉ.કેતનભાઈ ખૂબ જ સેવાભાવી હતા. તેમનામાં ગુરુજી પ્રત્યે ખૂબ જ પ્રેમ, આત્મીયતા અને આદરભાવ હતાં. એ ભાવ આજદિન સુધી તેમનામાં રહેલો છે. તેમની પાસે આશિષને લઈ ગયા. ડૉકટરે તપાસીને કહ્યું કે ઘા પડ્યો છે અને ટાંકા લેવા પડશે. પછી ત્રણ ટાંકા લીધા, પાટો બાંધ્યો અને ધનુર ન થાય

**સત્યધર્મ ગુરુદેવ કી જય**

તે માટે ઈન્જેકશન આપ્યું. પછી તેઓએ સૂચના આપી કે જ્યાં સુધી ટાંકા તોડવામાં આવે નહીં ત્યાં સુધી કેરી કે બીજી કોઈ ખટાશવાળી વસ્તુ ખાવા આપવાની નહીં. પછી ગુરુ ધ્યાનભિક્ષુજી તથા મારા પિતાજી આશિષને લઈને ઉતારે આવ્યા. આવીને તેઓએ પૂજ્યશ્રીને સર્વે જાણકારી વિગતે જણાવી. તે સમયે કેરીની સિઝન હતી. વળી પૂજ્યશ્રી ત્યારે અગ્નિસ્પર્શ વગરનો ભોજનપ્રસાદ લેતા હતા, તેથી દરરોજ ભોજન-પ્રસાદમાં કેરીનો પણ વિશેષ રૂપે ઉપયોગ કરતા હતા. તેમ છતાં પણ પૂજ્યશ્રીએ કહ્યું કે આશિષને જ્યાં સુધી ડૉકટર કેરી ખાવાની છૂટ આપે નહીં ત્યાં સુધી કોઈએ કેરી ખાવાની નહી. એટલું જ નહીં પરંતુ પૂજ્યશ્રીએ પણ કેરી ખાવાની બંધ કરી દીધી.આ પ્રસંગ ઉપરથી મને બે પંક્તિ યાદ આવી ગઈ

**"કહની મિસરી ખાંડ હૈ, કરની તત્તા લોહ;**
**કહની કહે રહની રહે, એસા વિરલા કોક."**

આ બે પંક્તિમાં સાચા ગુરુ-સંતો અંગેની ખુબ જ ગહન તાત્ત્વિક સમજણને ટૂંકમાં સહેલાઈથી રજૂ કરી દીધી છે. તેમાં કહ્યું છે કે સારી-સારી, મીઠી-મીઠી સૌ કોઈને સાંભળવી ગમે તેવી ઉપદેશની-શિખામણની વાતો કરવી સૌને ગમતી હોય છે. જેમ સાકર ખાવાથી તેમાંથી મળતી મીઠાશ ગમતી હોય છે, તેમ આવી વાતો કરનાર વક્તા-ઉપદેશકને આનંદ આપતી હોય છે, પરંતુ તે માત્ર વાણીવિલાસ જ હોય છે. શ્રોતાઓને આકર્ષી પોતાનો સ્વાર્થ સાધવાના હેતુ માત્ર થી જ આવી વાતો કરતા હોય છે. જેમ ધખધખતા લાલચોળ થઈ ગયેલા લોખંડથી સૌ દૂર રહે છે, તેમ આવી વાતો કરનાર વાણીવિલાસી સ્વાર્થી ઉપદેશકો, વક્તાઓ તેને પોતાના જીવનમાં ઉતારી તેને અનુરૂપ જીવન જીવવાથી સદાય દૂર રહેતા હોય છે. કેમકે તેમને મન આવી વાતોને અનુરૂપ આચરણ કરવું ધખધખતા લાલચોળ લોખંડ સમાન લાગે છે, પરંતુ આવી સાચી કલ્યાણકારી, સારી-સાચી સમજણની વાતો કરી અને તેને અનુરૂપ જીવન જીવવાવાળા તો કોઈ વિરલા જ હોય છે. આવાં વિરલ જનો જે કાંઈ સદ્દબોધ- ઉપદેશની કલ્યાણકારી વાતો કરે છે, તે માત્ર કહેવા ખાતર, શ્રોતાઓને સારુ લગાડવા માટે માત્ર વાણીવિલાસ કરતા હોતા નથી, પરંતુ પોતે પણ નિષ્ઠાપૂર્વક તેને અનુરૂપ જીવન જીવતા હોય છે.

ઉપર જણાવેલ પ્રસંગમાં ગુરુદેવે સૌને કેરી ખાવાની ના પાડી. પોતે અગ્નિસ્પર્શ વગરનો ભોજન-પ્રસાદ લેતા હોવાથી કેરીનો વિશેષ ઉપયોગ કરતા હોવા છતાં પોતે પણ કેરી ખાવાની છોડી દીધી. વળી પૂજ્યશ્રી આપણને સત્ય-ધર્મયુક્ત તથા આહાર-વિહારમાં સંયમ-નિયમવાળુ સાત્ત્વિક જીવન જીવવા સદાય સતત પ્રેરિત કરે છે. જીવમાત્ર પ્રત્યે પ્રેમ અને સદ્ભાવ રાખવાની શીખ આપે છે. ભૌતિક, મૃગજળ સમાન ક્ષણિક ભૌતિક સુખો પ્રાપ્ત કરવાની વિવેક-મર્યાદા વીહિન આંધળી લાલસા, ખોટી ભ્રમણા-અંધશ્રધ્ધાથી દૂર રહેવાની સાચી સમજણ આપે છે. જીવનમાં વધુ ને વધુ નિષ્કામ સત્કર્મોના આચરણ દ્વારા મનુષ્યજન્મ સાર્થક કરવા સતત સદ્બોધ આપવાની કૃપા કરે છે. આમ, પૂજ્યશ્રી અહૈતુકી કૃપા કરી જે પરમ્કલ્યાણદાયી, આત્મ ઉન્નતિદાયક સાચી સમજણ, શીખ, સદ્દબોધ સતત કૃપા વરસાવતા આપી રહ્યા છે. તેને અનુરૂપ વિરલ જીવન પોતે પણ નિષ્ઠાપૂર્વક જીવી જ રહ્યા છે.

આવા વિરલ સદ્ગુરુદેવના સાંનિધ્યમાં પ્રેમપૂર્વક સદાય રહી, તેમના ચીંધ્યા રાહે સાત્ત્વિક જીવન જીવી સૌ કોઇ મનુષ્યજન્મ સાર્થક કરી શકીએ એવી શક્તિ-મતિ-ભક્તિ આપવાની પૂજ્યશ્રીને હૃદયપૂર્વક પ્રાર્થના,અનંત કોટી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ.

સત્ય-ધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય તો જ આપણી જય.

-અસ્તુ

ઓમ્...ઓમ્...ઓમ્...

**સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય તો જ આપણી જય**

# વહેમો

સંકલન - શશિકાંત પટેલ

સત્યધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય તો જ આપણી જય.

ઓમપરિવારના આધ્યાત્મિક વડા યોગીરાજ પ.પૂ.સદ્‌ગુરુદેવ શ્રી યોગીભિક્ષુજી મહારાજે નિષ્કામ લોકકલ્યાણનો આજીવન દિવ્ય ભેખ ધારણ કર્યો છે. હાલમાં સમાજમાં મોટા ભાગે લોકોનાં મનમાં ભ્રમણા, વહેમો, અંધશ્રદ્ધા, કુરિવાજો, અસત્ય-અધર્મ યુક્ત અસંયમી-સ્વચ્છંદી જીવનશૈલી, ભૌતિક સુખો માટેની વિવેકહીન તીવ્ર તૃષ્ણા ઘર કરી ગયેલ છે, જેના કારણે અનાયાસે જ જીવનમાં ઉદ્‌ભવતાં દુઃખો, વિખવાદો, અશાંતિમાંથી સૌ સમજણ પૂર્વક મુક્ત થાય અને સૌનાં જીવનમાં સુખશાંતિ સ્થપાય તે માટે અવિરત અથાક સત્પુરુષાર્થ કરી રહ્યા છે. પૂજ્ય શ્રી આ બધું અનેક માધ્યમ-યુક્તિ-પ્રયુક્તિ દ્વારા કરી રહ્યા છે. પૂજ્યશ્રીએ તો પોતાનું સમગ્ર જીવન નિર્ગુણ, નિરાકાર, અકર્મા, અજન્મા, નિત્ય, સર્વવ્યાપક એવી પરમચૈતન્ય શક્તિ કે જેનો બોધક ઓમ્ છે, તેને સંપૂર્ણપણે સમર્પિત કરી વૈરાગી-વિરલ જીવન જીવી રહ્યા છે. પૂજ્યશ્રી જે કાંઈ કરી રહ્યા છે, તે પોતે પોતાની સ્વતંત્ર ઈચ્છાથી કાંઈ જ કરી રહ્યા નથી, પરંતુ ઓમપરમાત્માની પ્રેરણા અનુસાર જ કરી રહ્યા છે. વધુ ને વધુ લોકોનું કલ્યાણ થાય, સુખશાંતિ પામે તેમાં જ તેમનો આનંદ સમાયો છે. જેવી રીતે અખાભગતના છપામાં અખાભગતે દુષિત, કલુષિત સમાજ, સમાજનાં લોકો માટે સચોટ રીતે પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો છે, તેવી જ રીતે પૂજ્યશ્રીએ પણ અનેક ભજનોની રચના દ્વારા સમાજમાં ફેલાયેલ ભ્રમણા, વહેમો, અંધશ્રદ્ધા, કુરિવાજો, અસત્ય-અધર્મ યુક્ત સ્વચ્છંદી-અસંયમી જીવનશૈલી વિગેરે અનેક અનિષ્ટોને લોકભોગ્ય ભાષામાં સચોટ રીતે ઉજાગર કરેલ છે. જેથી સૌ આવી અશાંતિ અને દુઃખદાયક જીવનશૈલીમાંથી મુક્ત થઈ સુખશાંતિને પામે, સૌનું કલ્યાણ થાય. પૂજ્યશ્રીએ એક ભજનમાં જણાવ્યું છે કે-

**"ગ્રહ-નક્ષત્ર-દેવ-દેવી-યક્ષ-કિન્નર,ઈશ્વર ઈશારે નાચે.**
**ઈશ્વરને છોડી યોગભિક્ષુ શા માટે પાખંડ યાચે."**

આ પંક્તિ દ્વારા પૂજ્યશ્રી સમજાવે છે કે સમગ્ર બ્રહ્માંડનું સંચાલન સર્વવ્યાપક પરમ્ચૈતન્ય શક્તિ કે જેને શાસ્ત્રોમાં ઓમ્ થી સંબોધિત કરેલ છે તેની હાજરી માત્રથી જ થાય છે. આ પરમસત્તા પોતે ક્રિયાત્મક રૂપે કાંઈ જ કરતી નથી, પરંતુ તેની હાજરી માત્રથી જ સઘળું સંચાલન બારેમાસ અને ચોવીસે કલાક નિયમિત અને સુચારુરૂપે થતું હોય છે. ઉપરની પંક્તિમાં જણાવેલ અન્ય સઘળી શક્તિઓ આ અખિલ બ્રહ્માંડનો જ એક ભાગ છે, તેથી તે સર્વેમાં પણ આ પરમસત્તા વ્યાપેલી જ છે. તેથી આ પરમસત્તાની હાજરી માત્રથી જ તેને આધીન રહી બ્રહ્માંડની સઘળી શક્તિઓ કાર્યરત છે, તે નિર્વિવાદ છે. આપણે આ બધી શક્તિઓના કૃપાપાત્ર બનવા માટે જાતજાતની ભ્રમણા અને વહેમો યુક્ત અનેકવિધ કર્મકાંડની વિધિ કરાવવા તેને કરનારની પાછળ વિવેકહીન રીતે દોડી જઈએ છીએ. આમ કરીને આપણે અજ્ઞાનતાવશ મોંઘો સમય અને દ્રવ્યનો દુર્વ્યય કરીએ છીએ. તેના બદલે એ સર્વોપરી પરમસત્તા ઈશ્વરની કૃપા પ્રાપ્ત કરવા માટે હર હાલમાં સંપૂર્ણ શ્રદ્ધા, પ્રેમ, નિષ્ઠાપૂર્વક લાગી જવું તેમાં જ સાચી બુદ્ધિમાની છે. તે માટે આપણે અજ્ઞાનતાને કારણે કિંમતી સમય અને દ્રવ્યનો દુર્વ્યય કરવાને બદલે તેનો સત્કાર્યોમાં પ્રેમથી સદ્‌ઉપયોગ કરીએ તો જ તે સર્વોપરી સત્તાના કૃપાપાત્ર બની શકીએ પરિણામે તે પરમસત્તાને આધીન અન્ય સઘળી શક્તિઓના પણ કૃપાપાત્ર બનીશું તે નિર્વિવાદિત છે. આ વાત આપણે એક દ્રષ્ટાંતથી સમજીએ.

કોઈ એક રાજયના રાજા પ્રત્યેની આપણી વફાદારીના કારણે આપણે તેના કૃપાપાત્ર બન્યા. પરિણામસ્વરૂપ રાજાના મંત્રીઓના પણ આપણે અનાયાસે કૃપાપાત્ર બની જ જઈએ છીએ. કેમકે મંત્રીઓ રાજાને આધીન હોય છે. તેવી જ રીતે સત્યધર્મ યુક્ત સંયમ-નિયમપૂર્વકનું સાત્ત્વિક જીવન જીવી એ પરમસત્તાને સમર્પીત થઈ તેમનામાં દૃઢ શ્રદ્ધા-ભક્તિ રાખી જીવન જીવીએ, તો એ પરમસત્તાના કૃપાપાત્ર અવશ્ય બનીએ, પરિણામે એ સત્તાને આધીન બ્રહ્માંડની અન્ય સઘળી શક્તિઓમાં કૃપાપાત્ર અનાયાસે જ બનીએ.

પ્રસંગોપાત્ત યોજાતા ઓમપરિવારના આધ્યાત્મિક કાર્યક્રમમાં તેમજ ક્યારેક ઘરમાં પણ આ પંક્તિઓ ખૂબ જ પ્રેમથી બોલતા હોઈએ છીએ. કોઈ અન્યની સાથે સત્સંગ કરતા હોઈએ ત્યારે પણ આ પંક્તિઓના માધ્યમથી ભગવાનની-ઈશ્વરની સર્વોપરિતા વિષે સારી-સારી વાતો હોશભેર કરતા હોઈએ છીએ, પરંતુ જ્યારે આપણાં સંતાનના વેવિશાળની વાત આવે અને વળી સામેનું પાત્ર તથા પરિવાર સુખી, સંસ્કારી હોય, આપણને બધી રીતે અનુકૂળ હોય છતાં પણ એ બધી સાનુકૂળતાને નજરઅંદાજ કરીએ છીએ, કહીએ છીએ કે એ બધું પછી પણ પહેલાં એ જોવું આવશ્યક છે કે બંનેના જન્માક્ષર મળે છે કે નહીં. જો જન્માક્ષર મળતાં હોય તો જ વેવિશાળની વાત કરાય, નહીંતર નહીં. પછી આપણે બેય, પાત્રોના જન્માક્ષર લઈ જાણીતા આપણા વિશ્વાસુ જ્યોતિષાચાર્ય પાસે જઈએ. તેમને કહીએ કે સંતાનના વેવિશાળની વાત આવી છે. સામેવાળાનું ઘર, માણસો સુખી અને સંસ્કારી છે. આપણને બધી રીતે અનુકૂળ આવે તેવું છે, માટે આ બંને પાત્રના જન્માક્ષર લઈને બતાવવા આવ્યો છું. જો બંનેના જન્માક્ષર મળતા હોય, તો પછી વાત આગળ વધારીએ.મોટે ભાગે જોષી મહારાજ બહુ જ કુશાગ્ર હોય છે. યજમાનના મનના ભાવ તરત જ કળી લે છે, તેથી આપણી શું ઇચ્છા છે, તે આપણી સાથેની વાતચીત ઉપરથી જાણી જાય છે, તેથી આપણી ઈચ્છાને પૂર્તિ મળે તેવો રસ્તો યેનકેન પ્રકારે કાઢી આપે છે. તેમાં તેમને પણ આર્થિક ફાયદો હોય છે. જોષી મહારાજ જે કાંઈ કરે છે, તે પ્રાથમિક દૃષ્ટિએ તો યોગ્ય જ છે. કેમકે આ તેમનો વ્યવસાય છે, રોજીરોટી માટે આવકનું સાધન છે. જો કોઈ પણ વ્યક્તિ પોતાના વ્યવસાયમાં પારંગત હોય, તો જ વ્યવસાયમાં પ્રગતિ કરી શકે છે, પરંતુ પોતાના વ્યવસાયમાં પ્રગતિ માટે જે કાંઈ કરવામાં આવે તે ઈમાનદારીપૂર્વક કરવામાં આવે, તો જ હોંશિયારી લેખે લાગી કહેવાય. પરંતુ આજના ભૌતિકતાપ્રધાન સમાજમાં આવું સમજનારા કેટલા? બહુ જ ઓછા, બાકી મોટા ભાગના સૌનું એક જ લક્ષ હોય છે કે કોઈ પણ રીતે આર્થિક પ્રગતિ સાધી વધુમાં વધુ સુખી સંપન્ન થવું. વધુમાં વધુ એશોઆરામપૂર્વકનું ભોગવિલાસમય જીવન જીવવું તેને જ સુખ માનતા હોય છે, તેથી જોષી મહારાજ જે કાંઈ કહે છે- કરે છે તે તેમને તેમની માન્યતા-સમજણ મુજબ તો યોગ્ય જ લાગે છે. જન્માક્ષર જોવા અને કોઈપણ ભોગે મારીમચડીને યજમાનને સંતોષ થાય તેવો તોડ કાઢવો તે તો તેમનો વ્યવસાય છે, આજીવિકાનું-રોજીરોટીનું સાધન છે. કારણ કે તેઓ પણ આ ભૌતિકતાપ્રધાન સમાજમાં જ રહે છે. આપણે જન્માક્ષર જોષી મહારાજને આપીએ એટલે તેઓ બંને જન્માક્ષરનાં પાનાં બે ચાર વાર આગળપાછળ ફેરવીને જુએ છે, પછી ખૂબ જ ઊંડું વિચારતા હોય તેવો હાવભાવ કરી આંગળીના વેઢા ઉપર કાંઈક ગણતરી કરે છે. પછી પંચાંગ કાઢી તેમાં જુએ છે. ત્યાર બાદ કહે છે કે આમ તો બંનેના જન્માક્ષર મળે છે. ગુણાંક પણ સારા મળે છે. બધું જ બરોબર છે કાંઈ વાંધો આવે એવું તો લાગતું નથી. આમ કહી આપણા મનમાં વેવિશાળ કરવાની ઇચ્છાને વેગ આપે છે, પછી થોડીવાર ખૂબ વિચારતા હોય તેમ શાંત બેસે છે. ત્યાર પછી કહે છે કે પરંતુ ભવિષ્યમાં અમુક ગ્રહોના કારણે દાંપત્યજીવનમાં તકલીફ આવી શકે એમ લાગે છે આપણા મનમાં ધ્રાસકો પડે છે, તેથી તરત જ પૂછીએ છીએ કે બધું સારું છે, તો પછી તકલીફ ક્યાં છે? જોષી મહારાજ કહે છે કે ભાઈને ગુરુ નબળો છે, ચંદ્ર ઉપર રાહુની છાયા પડે છે.

**સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય તો જ આપણી જય**

બેનને સૂર્ય અને મંગળ એક ઘરમાં છે, શનિની વક્રદષ્ટિ છે. આમ, જાતજાતની વાતો કરે છે. આપણને તેમાં ખબર પડે નહીં તેથી બેઠા-બેઠા બધુ સાંભળીએ છીએ. આપણા મનમાં વહેમ પેદા થાય છે, તેથી આપણે મહારાજને કહીએ છીએ કે તો પછી વેવિશાળ નક્કી કરવાનો વિચાર માંડી વાળીએ. જોષી મહારાજ તરત જ કહે છે, એવું કાંઈ કરવાની જરૂર નથી, પરંતુ નડતરરૂપ ગ્રહોની શાંતિ કરવા અમુક-અમુક વિધિ કરાવી દો પછી કાંઈ વાંધો નહીં આવે. આ સાંભળી આપણે ખુશ થઈએ છીએ. કેમકે આપણી વેવિશાળ કરવાની પ્રબળ ઈચ્છા હતી. તરત જ કહીયે છીએ કે જોષી મહારાજ, તમે ખર્ચની ચિંતા કરશો નહીં જે પણ વિધિ કરવી પડે એવી હોય તે જલદીથી કરી દો. મહારાજની વાતમાં વિશ્વાસ રાખી વેવિશાળ નક્કી કરી દઈએ છીએ. આવું ઘણાં લોકોનાં જીવનમાં બનતું હોય છે. લગ્ન બાદ બે-પાંચ વરસ તો દાંપત્યનાં જીવન સારી રીતે સુખશાંતિ અને આનંદમય રીતે પસાર થાય. પછી ધીરે-ધીરે તેમાં મનદુઃખ, ખટરાગ અને ઘર્ષણ થવાનું ચાલુ થાય. ઘણી વાર તે એટલી હદે વધી જાય કે છૂટાછેડા લેવાનો વારો આવે. ક્યારેક એવું પણ બને કે પતિ-પત્ની બેમાંથી કોઈ એક રાજરોગમાં સપડાય, સતત બિમારીના કારણે દવાખાનું અને દવા ચાલુ જ રહે.

બીજો એક પરિવાર એવો હોય કે જેને ગુરુજીના વચનમાં અને પરમસત્તામાં અટલ દઢવિશ્વાસ હોય. તે જ્યોતિષ કે કર્મકાંડના વિધિવિધાનથી હંમેશા દૂર જ રહેતો હોય. સંતાનનાં લગ્ન પણ સુખી-સંસ્કારી આધ્યાત્મિક પરિવારમાં જન્માક્ષર મેળવવાની પીંજણમાં પડ્યા વગર ગુરુજીના વચનમાં અને પરમસત્તામાં અટલ, દઢ શ્રદ્ધા રાખી કરી દીધા હોય, દાંપત્યજીવન પણ કાયમ સુખશાંતિ અને આનંદપૂર્વક ચાલતું હોય. ગુરુજીના વચનમાં પરમસત્તામાં અવિશ્વાસના ભાવથી નહીં પરંતુ જિજ્ઞાસાના ભાવથી વરસો પછી આપણા મનમાં તુક્કો આવે કે સંતાનનાં લગ્ન વખતે તો જન્માક્ષર મેળવ્યા નથી, પરંતુ લાવો હવે કોઈ જોષીને બતાવી જોઈએ કે તે શું કહે છે. આથી કોઈ જોષીને બંને પાત્રના જન્માક્ષર બતાવીએ. જોષી જન્માક્ષર જોઈને કહે કે આ જન્માક્ષર કોઈ રીતે મળતા નથી. પતિ-પત્નીમાં ક્યારે પણ મન મેળ રહે જ નહીં. ક્લેશ અને કંકાસ જીવનમાં સદાય રહે. હકીકતમાં જોષી મહારાજે જે કહ્યું, તેનાથી વિપરીત જ હતું. સંતાનનું દાંપત્યજીવન સુખશાંતિ-સંપ અને પરસ્પર ખૂબ જ પ્રેમ અને આનંદપૂર્વક પસાર થતું હતું. જીવનમાં સતત સર્વાંગી ઉન્નતિ જ થતી હોય.

એક કિસ્સામાં જાણીતા વિદ્વાન જ્યોતિષાચાર્યને જન્માક્ષર બતાવ્યા અને તેમના કહેવા પ્રમાણે ગ્રહોની શાંતિ માટે જરૂરી વિધિ પણ કરાવી છતાં પણ દાંપત્યજીવનમાં સુખશાંતિની પ્રાપ્તિ ન થઈ. દાંપત્યજીવન સદાય ઘર્ષણ, ક્લેશ, અશાંતિ, અજંપાથી ખદબદતુ રહ્યું. જ્યારે બીજા કિસ્સામાં જન્માક્ષર બતાવ્યા નહોતા અને જ્યારે વર્ષો બાદ જિજ્ઞાસાવૃત્તિથી પ્રેરાઈ બતાવ્યા, ત્યારે એવું કહેવામાં આવ્યું કે પતિ-પત્ની વચ્ચે ક્યારે પણ મનમેળ થાય નહીં. જીવનમાં ક્લેશ, અશાંતિ,લડાઈ-ઝગડા, બિમારી સદા રહે, પરંતુ વાસ્તવમાં પરિસ્થિતિ તેનાથી વિપરીત જ હતી. દાંપત્યજીવન પ્રેમ, સંપ, સુખ,શાંતિથી પસાર થતું હતું, તો પછી વિચારવું જોઈએ કે આમ કેમ થયુ ?

પ્રથમ કિસ્સામાં આપણે ગુરુજીના સાંનિધ્યમાં વારંવાર જતા હોઈએ. પરિવારના બધા જ આધ્યાત્મિક કાર્યક્રમમાં ઉપસ્થિત રહેતા હોઈએ. ગુરુજી સાચી સમજણની જે વાત સમજાવતા હોય તે સાંભળતા હોઈએ. અન્યની સામે તેની રજૂઆત પણ કરતા હોઈએ. આ બધું જે કાંઈ આપણે કરતા હોઈએ તે માત્ર ઉપરછલ્લું જ હોય. વાસ્તવમાં આપણને ગુરુજીના વચન અને સમગ્ર બ્રહ્માંડની સર્વે શક્તિઓ જેને આધીન છે, તે પરમસત્તામાં વિશ્વાસ ન હોય, તેથી ગુરુજી દ્વારા કહેવાતી સાચી કલ્યાણકારી સાચી સમજણની વાતોને અનુરૂપ જીવનમાં શ્રદ્ધા અને દઢતાપૂર્વક આચરણ કરવામાં જળકમળવત્ રહેતા હોઈએ. આપણું ધાર્મિકપણું માત્ર દંભ જ હોય.આપણે ભ્રમણા, વહેમ, શંકા, કુશંકામાં જ ભમતા રહીએ. પરિણામે આપણી અને પરિવારની સુખશાંતિ માટે જોષી, ભૂવા, જંતર-મંતર અને અનેક

કર્મકાંડની વિધિઓ પાછળ જ અજ્ઞાનતાંને વશ રચ્યાપચ્યા રહી હવાતિયાં મારતાં હોઈએ. હથેળીમાં ચાંદ જોવાની આપણી દયાજનક મનોવૃત્તિને કારણે તેમની ભવિષ્યવાણી સાંભળી મૃગજળ સમાન આનંદમાં રાચતા હોઈએ. જો આપણી આવી સ્થિતિ હોય, તો પછી સુખ:શાંતિ આપણાથી દૂર રહે, આપણું અકલ્યાણ થાય, તે સ્વાભાવિક છે.

બીજા કિસ્સામાં આપણે બે-ત્રણ મહિને એકાદ વાર ગુરુજીના સાંનિધ્યમાં જતા હોઈએ. પરિવારના દરેક આધ્યાત્મિક કાર્યક્રમમાં ઉપસ્થિત રહેતા ન હોઈએ. ગુરુપૂર્ણિમાં જેવા માત્ર બે-ત્રણ કાર્યક્રમમાં જ ઉપસ્થિત રહેતા હોઈએ. તે સમયે ગુરુજી કૃપા વરસાવતા જે પરમ્કલ્યાણકારી, જીવનમાં સુખશાંતિ-આનંદ પામવામાં અચૂક સહાયરૂપ સાચી સમજણ નો જે સદ્બોધ આપતા હોય તેને ધ્યાનપૂર્વક સાંભળતા હોઈએ. સાંભળ્યા બાદ તેની ઉપર ખૂબ જ ચિંતન-મનન કરી તેને આપણાં વિચાર, વાણી, વર્તનમાં અત્યંત દ્રઢતાપૂર્વક અપનાવી લઈએ. જીવનમાં ઉદ્ભવતી કોઈ પણ સારી-નરસી પરિસ્થિતિમાં ગુરુજીના વચનમાં આપણી શ્રદ્ધા અચલ રહે, તેમાં કદી પણ ઢીલાશ આવે નહી, ડગુમગુ થઈએ નહી, સાથે સાથે ગુરુજીએ આપેલ સદ્બોધ અનુરૂપ સમગ્ર બ્રહ્માંડમાં વ્યાપ્ત પરમસત્તામાં પણ અફર, અચલ, અતૂટ, શ્રદ્ધા, ભક્તિ, નિષ્ઠા, વિશ્વાસ આપણા શ્વાસપ્રશ્વાસે વણાઈ ગયેલ હોય.

જો આવી સમજણ સહિત જીવન જીવતા હોઈએ તો જીવન સુખશાંતિ-આનંદ-ઉત્સાહમય સદાય વ્યતિત થાય તે નિર્વિવાદિત છે. પરમ કલ્યાણકારી, જીવનમાં સદાય સર્વાંગી સુખશાંતી-આનંદ અને ઉન્નતિદાયક આ અમૂલ્ય-અમોઘ સાચી સમજણને નીચે જણાવેલ ચાર પંક્તિઓ યથાર્થ રૂપે ઉજાગર કરે છે. આપણને ગુરુજીમાં સર્વવ્યાપક પરમસત્તામાં અચલ વિશ્વાસ રાખવા પ્રેરે છે.

**“વિશ્વાસ હોય ના ગુરુવચનમાં, શ્રદ્ધા હોય નહીં ઈશ્વરમાં;**
**સદા રહે ભમતો ભ્રમણામાં, કદી ન પામે સુખ જીવનમાં.**
**રાખે વિશ્વાસ ગુરુ વચનમાં, અચલ શ્રદ્ધા હોય પ્રભુમાં;**
**દ્રઢતા આવી હોય જીવનમાં, સદાય રાચે સુખ-શાંતિમાં.**

આપણે હૃદયપૂર્વક સદગુરુદેવને પ્રાર્થના કરીએ કે જીવનમાં સુખશાંતિ પમાડનાર અને ભવસાગર પાર ઉતારનાર સાચી સમજણની અવિરત વર્ષા સૌની ઉપર સદાય વરસાવવા કૃપા કરતા રહો, એવી નમ્ર પ્રાર્થના. આપ દ્વારા અપાયેલ સદ્બોધને અમે સાચી-સારી રીતે સમજી તેને અનુરૂપ અચલ દ્રઢતા, શ્રદ્ધા, નિષ્ઠાપૂર્વક જીવન જીવી જીવનમાં સાચા સુખશાંતિ-કલ્યાણ પામીએ. મનુષ્યજીવન સાર્થક કરી શકીએ, એવી કરુણા સતત વરસાવો, એવી નમ્ર પ્રાર્થના.

સત્યધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય તો જ આપણી જય.

ઓમ્... ઓમ્... ઓમ્...

# ગુરુકૃપા હી કેવલમ્

- ઉષાબેન પટેલ

સત્યધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય તો જ આપણી જય.

મારા પિતાજીનું ઘર મણિનગર, જવાહરચોક, રમૂજીલાલ હૉલની સામે પટેલ સોસાયટીમાં આવેલું છે. જ્યારથી સોસાયટી બની, ત્યારથી મારા પિતાજી પરિવાર સહિત ત્યાં રહેતા હતા. હાલમાં મારો નાનોભાઈ પરિવાર સાથે ત્યાં રહે છે. શરૂઆતમાં આ સોસાયટી માત્ર વીસ બંગલાની હતી. તે સમયે આ વિસ્તારમાં એકબીજાથી દૂર માત્ર ત્રણ-ચાર સોસાયટીઓ જ આવેલી હતી. તે સિવાય આ વિસ્તારમાં ઉજ્જડ વગડો અને ખેતર આવેલાં હતાં. જવાહરચોકથી છેક શાહઆલમ, ઈસનપુર ગામ, ઘોડાસર ગામ, કાંકરિયા સુધીનો તમામ વિસ્તાર આવો હતો. વિસ્તારનો વિકાસ થયો ન હતો જે કાંઈ વિકાસ થયેલ તે મણીનગર સ્ટેશનની આસપાસ થયો હતો. તે

સમયે પ.પૂ. સદ્‌ગુરુદેવ હાલમાં જ્યાં રહે છે, તે ચંદ્રનગર સોસાયટીમાં જ તેમના મોટાભાઈનો પરિવાર તથા નાના ભાઈબંધુ સાથે રહેતા હતા. મોટાભાઈની તબિયત નાદુરસ્ત રહેતી હોવાથી ઘરની સઘળી જવાબદારી પૂજ્યશ્રીએ ઉપાડી લીધી હતી. તેથી મણિનગર ચાર રસ્તા પાસે દુકાન રાખી કામ કરતા હતા. આ જાણ તો મને મારા પિતાજી થકી થઈ હતી. તે સમયે પૂજ્યશ્રીને તેમના નિવાસ સ્થાનેથી દુકાને જવા આવવા માટે પટેલ સોસાયટીમાં મારા પિતાજીના ઘર આગળથી આવવું જવું પડતું હતું. બીજો કોઈ રસ્તો હતો નહીં. તે સમયે મારી ઉંમર નાની હતી. હું બંગલાના કમ્પાઉન્ડમાં કે બહાર રમતી હોઉં તે સમયે પૂજ્યશ્રી સાઈકલ ઉપર ત્યાંથી નીકળે અને અનાયાસે જ મારી નજર પૂજ્યશ્રી ઉપર પડે, એટલે હું મારી બધી જ પ્રવૃત્તિ છોડી દેતી. મારામાં સહજ રીતે પૂજ્યશ્રી પ્રત્યે નિર્દોષ-સાત્ત્વિક-અલૌકિક પ્રેમ ઊભરાઈ આવતો. પૂજ્યશ્રી જ્યાં સુધી દેખાતા બંધ થાય, ત્યાં સુધી તેમને જોયા જ કરતી. તેમ કરવામાં મને ખૂબ જ આનંદ આવતો. તે સમયે પૂજ્યશ્રી યુવાન હતા. પૂજ્યશ્રી આવા ક્રીમ કલરનો ઝભ્ભો અને ધોતિયું પહેરતાં, પંચકેશ વધારેલા, તેથી માથાના અને દાઢીના વાળ કાળાભમ્મર હતા. માથા ઉપર વાળની અંબોડી વાળતા. પૂજ્યશ્રીની આ તસ્વીર હાલમાં પણ ઘણાં ભક્તોનાં ઘરે જોવા મળે છે. મુખારવિંદ તેજસ્વી લાગતું. મને એમ જ થતું કે જોયા જ કરું. તે સમયે મારી ઉંમર નાની એટલે આધ્યાત્મિક સમજ તે સમયે હતી નહીં, પરંતુ પુજ્યશ્રીને જોઉં એટલે કોઈ અજ્ઞાત સાત્ત્વિક પરિબળના સૂક્ષ્મ ખેંચાણથી મારા હૃદયમાં અનાયાસે જ પૂજ્યશ્રી પ્રત્યે નિર્દોષ સાત્ત્વિક પ્રેમ સહજ રીતે જ ઊભરાતો, જેથી હું ખૂબ જ આનંદ અનુભવતી. અવાર નવાર આવું બનતું. ક્યારેક એવું પણ બનતું કે અમુક દિવસ સુધી મને પૂજ્યશ્રી જોવા મળ્યા હોય નહીં. તો પૂજ્યશ્રીના અમારા ઘર પાસેથી નીકળવાના સમયે હું ખાસ કમ્પાઉન્ડમાં ઊભી રહેતી અને પૂજ્યશ્રીને જોઉં એટલે આનંદ અનુભવતી.

સમયના વહેણ સાથે આ વિસ્તારનો વિકાસ થતો ગયો. પરીણામે પૂજ્યશ્રીનો આવવા જવાનો રસ્તો પણ બદલાઈ ગયો. સાથે-સાથે મારી ઉંમર પણ વધતી ગઈ. ભૂતકાળની આવી નિર્દોષ-સાત્ત્વિક સ્મૃતિઓ પણ વિસરાતી ગઈ. પરંતુ ક્યારેક પૂજ્યશ્રી અમારા ઘર પાસેથી પસાર થતા હોય અને મારી નજર તેમના ઉપર પડી જાય, તો પાછા હૃદયમાં ધરબાયેલા ભાવ જાગ્રૃત થઈ જતા. યથાયોગ્ય ઉંમરે મારાં લગ્ન ધાર્મિક-સંસ્કારી કુટુંબમાં થયાં. લગ્ન બાદ ઘર-ગૃહસ્થીના વહેવાર-પ્રપંચમાં વ્યસ્ત થઈ ગઈ, પરંતુ મનુષ્યના જીવનમાં જ્યારે કોઈ પરિવર્તન આવવાનું હોય છે, ત્યારે જીવનમાં એવું કોઈ નિમિત્ત ઊભું થાય છે કે જે થકી મનુષ્યના જીવનની દિશા બદલાઈ જાય છે. મારાં લગ્નને લગભગ બે વર્ષ થયાં હશે, ત્યાં મારાં માતૃશ્રીનું અચાનક અવસાન થયું, પિયરમાં મારા પિતાજી અને મારાથી નાના ત્રણ ભાઈ રહ્યા. તેમાં પણ સૌથી નાના બે ભાઈની ઉંમર તો સાત અને પાંચ વર્ષની હતી. ઘરમાં કોઈ સ્ત્રીપાત્ર તો રહ્યું નહીં કે જે ઘર અને બાળકોની સંભાળ લે. મારા પિતાજી માનસિક રૂપે ભાંગી પડ્યા અને ખૂબ જ હતાશ થઈ ગયા. મારા સાસુ-સસરા આ પરિસ્થિતિથી વાકેફ હતાં. તેઓએ મારા પિતાજીને મળીને કહ્યું કે જે પરિસ્થિતિ સર્જાઈ છે, તેમાં તો કોઈ ફેરફાર થવાનો નથી. આપણે ભેગાં થઈને તેમાંથી બહાર નીકળવાનો માર્ગ શોધવાનો છે. સુખમાં તો સહુ સગાં થતાં આવે, પરંતુ દુઃખમાં જે પડખે આવીને ઊભા રહે તે સાચાં સગાં કહેવાય. આમ કહી તેમણે મારા પિતાજી આગળ પ્રસ્તાવ મૂક્યો અને કહ્યું કે જો તમને વાંધો ન હોય તો અમે એક માર્ગ વિચાર્યો છે. તમારા મોટા દિકરા ગિરીશનાં લગ્ન થાય ત્યાં સુધી ઉષા અને શશિકાન્ત તમારા ઘરે રહે. પરિણામે તમારું ઘર અને પરિવાર સચવાઈ જાય. મારા પિતાજી પ્રસ્તાવ સાંભળી હળવા થઈ ગયા. તરત જ તે પ્રસ્તાવ સ્વીકારી લીધો. આમ હું અને શશિકાન્તભાઈ બંને મારા પિતાજીના ઘરે રહેવા ગયાં.

**સત્યધર્મ ગુરુદેવ કી જય**

પરમાત્માની કૃપાથી અમારાં બંનેમાં આધ્યાત્મિક જિજ્ઞાસા અને ગુરુ-સંતો પ્રત્યે આદરભાવનો સદ્‌ગુણ સહજ રીતે જ રહેલ હતો. મારા પિતજીમાં પણ આ સાત્ત્વિક ભાવ રહેલા હતા, તેથી અમે બંને અવાર નવાર ગુરુ-સંતોના વિરલ સાત્ત્વિક જીવનની તથા અન્ય આધ્યાત્મિક બાબતોની ચર્ચા કરતાં. ક્યારેક મારા પિતાજી પણ જો હાજર હોય, તો તેમાં તે પણ રસ લેતા. અમે મારા પિતાજીના ઘરે રહેવા ગયાં તે પછી થોડા સમયમાં એક પ્રસંગ બન્યો. મારા પિતાજીનો પૂજ્યશ્રી સાથે સંપર્ક થયેલો, તેથી સારો પરિચય થયેલો. તેઓ અવારનવાર પૂજ્યશ્રી પાસે જતા. મહારાષ્ટ્રમાં થાણે-વજેશ્વરી પાસે આવેલ મુક્તાનંદબાબાના 'ગુરુદેવ આશ્રમ'માં પણ પૂજ્યશ્રી સાથે ગયેલ અને થોડા દિવસ રોકાયેલ. તેમની સાથે કનુભાઈ પંડ્યા તથા સરસ્વતી હાઈસ્કૂલના પ્રિન્સિપાલ પણ સાથે હતા. મુક્તાનંદબાબા તથા પૂજ્યશ્રીને પરસ્પર ખૂબ જ આધ્યાત્મિક આત્મીયતા હતી. તે માણવાનો-અવલોકવાનો અમૂલ્ય લહાવો તે સૌને પ્રાપ્ત થયો હતો. આથી કાંઈક કામસર એક દિવસ પૂજ્યશ્રીએ મારા પિતાજીના બંગલાના કોટ પાસે આવી સાઈકલ ઉપર બેઠા-બેઠા 'કાન્તિભાઈ છે' એમ પૂછ્યું. મારા પિતાજી તે સમયે ઘરે હતા નહીં. અમે બંને બહાર ગયાં અને પૂજ્યશ્રીને કહ્યું કે તેઓ તો ઘરે નથી. સાથે-સાથે સ્વાભાવિક રીતે જ પૂજ્યશ્રીને ઘરમાં આવવા કહ્યું. પૂજ્યશ્રીએ આછા સ્મિત સહિત કહ્યું કે કાન્તિભાઈનું કામ હતું. તેમને કહેજો કે યોગભિક્ષુ આવ્યા હતા. આટલું કહી પૂજ્યશ્રી ચાલ્યા ગયા. આમ, શશિકાન્તભાઈને પ્રથમ વખત જ ખૂબ જ અલ્પ સમય માટે પૂજ્યશ્રીનો પ્રત્યક્ષ મેળાપ થયો. હું પણ વર્ષો પછી પૂજ્યશ્રીને પ્રત્યક્ષ રૂપે જોઈને ઘણી જ આનંદિત થઈ.

પૂજ્યશ્રી પ્રત્યેના સુષુપ્ત અવસ્થામાં પડેલા મારા ભાવ ફરી જાગ્રૃત થયા. બચપનમાં પૂજ્યશ્રીને જોઈને હું જે આનંદ અનુભવ કરતી હતી, તે વાત પણ મેં શશિકાન્તભાઈને કરી. મારા પિતાજી ઘરે આવ્યા એટલે પૂજ્યશ્રી આવેલ તે વાત તેમને જણાવી. જિજ્ઞાસાવૃત્તિથી પ્રેરાઈ સહજભાવે પૂજ્યશ્રીનો પરિચય જાણવા અમે મારા પિતાજીને પૂછ્યું. તેમણે અમને કહ્યું કે યોગભિક્ષુજી પરમસિદ્ધ યોગી છે, પરંતુ પોતે પ્રસિદ્ધિથી દૂર રહેવા ઈચ્છે છે. પૂજ્યશ્રીની સિદ્ધયોગી તરીકેની ભૂમિકાની તથા ગુપ્ત સંત તરીકેની ઘણી બધી વાતો કે જે તેઓ જાણતા હતા તે કરી. શશિકાન્તભાઈમાં ગુરુ-સંતો પ્રત્યે ખૂબ જ પ્રેમ, આદરના ભાવ સહજ રીતે જ રહેલા હતા. ભારતનાં આદરણીય આધ્યાત્મિક ગુરુ-સંતો, યોગીજનોનું જીવનચરિત્ર વાંચવામાં તથા તેમના વિષે જાણવામાં તેમને ખૂબ જ આનંદ આવતો, તે તેમના રસનો વિષય છે. તેમનામાં આધ્યાત્મિક જિજ્ઞાસા પણ ખૂબ જ રહેલી હતી, જે આજદિન સુધી છે. તેમનામાં પણ સહજ રીતે જ પૂજ્યશ્રી પ્રત્યે સાત્ત્વિક પ્રેમ, આદર, પૂજ્યભાવ જાગૃત થયા. તેથી અમે બંને સાત્ત્વિક, આધ્યાત્મિક જિજ્ઞાસાથી પ્રેરાઈ મારા પિતાજી સાથે પૂજ્યશ્રીની વાતો અવારનવાર કરતા હતાં. તેમાં અમને ખૂબ જ આનંદ આવતો હતો. ધીરે-ધીરે અમારું પૂજ્યશ્રી પ્રત્યેનું સાત્ત્વિક-આધ્યાત્મિક આકર્ષણ અનાયાસે જ વધતું રહ્યું. તેથી શશિકાન્તભાઈ મારા પિતાજી સાથે પૂજ્યશ્રીના સાંનિધ્યમાં આવતા- જતા થયા. હું પણ ઘરની જવાબદારીમાંથી અનુકૂળતા મળે, ત્યારે તેમની સાથે જતી હતી. આમ, પૂજ્યશ્રીના પરમ્ સાનિધ્યને પ્રત્યક્ષ રૂપે પામવાનો અમૂલ્ય લહાવો પ્રાપ્ત થયો. પરંતુ તે સમયે અમારા હૃદયમાં પૂજ્યશ્રી પ્રત્યે ગુરુભાવ પ્રગટ થયો ન હતો. પૂજ્યશ્રી સંત છે, જ્ઞાની છે, યોગી છે. પૂજ્ય છે, એ ભાવથી જતાં હતાં. ધીરે-ધીરે અમે બંને ગુરુજીના સાંનિધ્યમાં કોઈના સંગાથ વગર એકલાં જતાં થયાં. કોઈ અજ્ઞાત, સૂક્ષ્મ, સાત્ત્વિક પરિબળ અમને પૂજ્યશ્રી તરફ ખેંચતું હોય એવું અનુભવાતું હતુ. પરીણામસ્વરૂપ અમે વધુને વધુ જતાં આવતાં થયાં. જેમજેમ પૂજ્યશ્રીના સાંનિધ્યમાં વધુને વધુ જતાઆવતા થયાં તેમ-તેમ પૂજ્યશ્રી પ્રત્યેની અમારી શ્રદ્ધા, ભક્તિ, પ્રેમ, નિષ્ઠામાં ઉત્તરોત્તર વધારો થતો ગયો. અમારા આ ભાવોમાં સમજણપૂર્વકની દૃઢતા આવતી ગઈ. પરિણામે પહેલાં અમે પૂજ્યશ્રી સંત છે. જ્ઞાની છે, યોગી છે, પૂજ્ય

છે. એવા ભાવથી તેમના સાંનિધ્યમાં જતાં હતાં. અમારા આ ભાવમાં ક્યારે પરિવર્તન આવ્યું તેની પણ ખબર પડી નહીં. એ પરિવર્તિત ભાવો અમારા હૃદયમાં દૃઢ થઈ ગયા કે પૂજ્યશ્રી અમારા સદ્‌ગુરુદેવ છે. માત્ર સદ્‌ગુરુ એમ નહીં પરંતુ સાક્ષાત્ પરમાત્મા સ્વરૂપ અમારા આરાધ્ય છે. અમારા જીવનના આધાર છે. સદ્‌ગુરુદેવની કૃપા થકી જ અમારામાં એ સમજણ દૃઢ થઈ ગઈ કે સંયમ-નિયમપૂર્વક, વિવેક-મર્યાદાયુક્ત, સત્યધર્મમય સાત્ત્વિક જીવન જીવવાનું ગુરુજ્ઞાન, પિતાજીનો પુનિતપ્રેમ, માતાનું વાત્સલ્ય, પ્રભુની ભક્તિ અને માલિકની સેવા આ બધું જ પ.પૂ.સદ્‌ગુરુદેવના ચરણકમળમાં રહેવાથી એક સાથે પામી શકાય છે. સદ્‌ગુરુના ચરણકમળમાં જ સર્વે યાત્રા, સાધના, ભજન, જપ, તપ સમાયેલાં છે. સદ્‌ગુરુદેવમાં મન-વચન-કર્મથી એકાકાર થઈ જવું તેમાં જ મોક્ષરૂપી કૈવલ્યની પ્રાપ્તિ રહેલી છે. તે માટે બીજે ક્યાંય જવાની કે કાંઈ કરવાની આવશ્યકતા નથી. સદ્‌ગુરુદેવ અને પરમાત્મા એક જ તત્ત્વ છે, તે સર્વ શાસ્ત્રોનો નિચોડ છે, એ સમજણ હૃદયમાં અંકિત થઈ જાય અને ગુરુચીંધ્યા રાહે જો જીવન જિવાય તો જ સાચું જીવ્યું કહેવાય. મનુષ્યજન્મ સાર્થક થયો કહેવાય.

જગદ્‌ગુરુ શંકરાચાર્ય મહારાજે અદ્વૈતવાદ રજૂ કર્યો છે. અદ્વૈત એટલે જે બે નથી, પરંતુ એક જ છે તે. તેમણે આ અદ્વૈતવાદનો સિદ્ધાંત આત્મા-પરમાત્માના સંદર્ભમાં રજૂ કર્યો છે. તેમના મત અનુસાર આત્મા અને પરમાત્મા એ બે અલગ તત્ત્વ નથી, પરંતુ એક જ તત્ત્વ છે. ગુરુ શિષ્ય પરંપરામાં પણ અદ્વૈતવાદનું ઘણું જ મહત્ત્વ છે. ગુરુ શિષ્ય પરંપરામાં અદ્વૈતવાદને આત્મા-પરમાત્માના સંદર્ભમાં નહીં પરંતુ સદ્‌ગુરુદેવ અને પરમાત્માના સંદર્ભમાં સમજવો જરૂરી છે. શિષ્યના મન-વચન-કર્મમાં એવી તો દૃઢ નિષ્ઠા, અટલ શ્રદ્ધા રૂંવે-રૂંવે વ્યાપી ગઈ હોય કે મારા સદ્‌ગુરુદેવ અને પરમાત્મા ભિન્ન નથી, પરંતુ એક જ છે. નિરાકાર પરમાત્માનું સાકાર સ્વરૂપ એ જ મારા સદ્‌ગુરુદેવ છે. આપણે સૌ ગુરુવંદનાના પ્રારંભમાં એક શ્લોક બોલીએ છીએ કે, જે નીચે મુજબ છે,

**"ગુરુબ્રહ્મા, ગુરુવિષ્ણુ, ગુરુદેવો મહેશ્વર;**
**ગુરુસાક્ષાત પરબ્રહ્મ, તસ્મૈશ્રી ગુરવે નમઃ"**

આ શ્લોક દ્વારા પણ એ જ સમજાવ્યું છે કે સદ્‌ગુરુદેવ એ જ પરમાત્મા છે, પરમબ્રહ્મ છે. જે શિષ્યમાં આવી સમજણ સદા-સર્વદા દૃઢ થઈ જાય છે, તેનું કલ્યાણ અવશ્ય થાય છે જ. કેમકે આવો શિષ્ય ગુરુદેવના ચીંધ્યા રાહે સંયમ-નિયમ મય, સત્યધર્મ યુક્ત વિવેક-મર્યાદાપૂર્વક જ જીવન જીવતો હોય છે.

સદ્‌ગુરુદેવની અહૈતુકી અસીમકૃપાથી જ અમારો સમગ્ર પરિવાર ગુરુમય બની જીવન જીવી રહ્યો છે. પૂજ્યશ્રીમાં અતૂટ શ્રદ્ધા, ભક્તિ, પ્રેમ, નિષ્ઠા રાખી સત્યધર્મમય ગુરુચીંધ્યા રાહે જીવન જીવવાનો સભાનતાપૂર્વક પુરુષાર્થ કરી રહ્યો છે. તે માટે સૌ સાથ-સહકાર આપવા સદા તત્પર રહે છે.

પ.પૂ. સદ્‌ગુરુદેવ અસીમકૃપા વરસાવતા સૌ ભક્તોને સાચી સમજણનો સદ્‌બોધ આપતા સમજાવે છે કે આપણા પૂર્વ જન્મોના સુકૃતના ફળસ્વરૂપ આપણને જાણ્યે-અજાણ્યે સહજ રીતે જ ગુરુ-સંતો પ્રત્યે પ્રેમ-આદર ઊપજે છે. વળી, જેની સાથે આપણે પૂર્વજન્મમાં આધ્યાત્મિક પ્રેમભક્તિથી સંકળાયેલા હોઈએ છીએ, તેમના પ્રત્યે સવિશેષ પ્રેમ-ભક્તિ-આપણા હૃદયમાં ઊભરાય છે. પરિણામે આપણા વર્તમાન જન્મમાં જ્યારે આ સુકૃતના ફળસ્વરૂપ સત્‌સંસ્કારો જાગ્રૃત થાય છે, ત્યારે આપણે પૂર્વજન્મના બાકી રહેલા ઋણાનુંબંધથી આ જન્મે તેમની સાથે પાછા આધ્યાત્મિક પ્રેમ-સંબંધે બંધાઈને તેમના સાંનિધ્યને પામીએ છીએ. પૂર્વજન્મમાં જ્યાંથી આપણી આધ્યાત્મિક પ્રગતિ અટકી હોય છે. ત્યાંથી તેને આગળ વધારવાનું કાર્ય પરમકૃપા વરસાવતા ગુરુદેવ કરે છે. આ માટે નિમિત્તરૂપ આપણા જીવનમાં એવો કોઈ અણધાર્યો પ્રસંગ ઉપસ્થિત થાય છે કે જેથી આપણે અનાયાસે જ ગુરુદેવના પરમ્‌કલ્યાણકારી સાંનિધ્યમાં પહોંચી જઈએ છીએ. આપણા જીવનમાં આવો જે નિમિત્તરૂપ પ્રસંગ બને છે, તે ઘણી વાર આપણને અજ્ઞાનતાના કારણે પ્રાથમિક

દૃષ્ટિએ દુ:ખદાયક, અકલ્યાણકારી લાગતો હોય છે. પરંતુ આપણી અજ્ઞાનતાના કારણે જે પ્રસંગને આપણે દુ:ખદાયક, અકલ્યાણકારી સમજતા હોઈએ છીએ તે જ પ્રસંગ વાસ્તવમાં આપણને ગુરુદેવના સાંનિધ્યમાં પહોંચવા માટેનું નિમિત્તરૂપ હોય છે. શાંતચિત્તે આપણે વિચારીએ, તો આપણને સમજાય છે કે ક્યારેક જીવનમાં બનતા આવા દુ:ખદાયક અકલ્યાણકારી લાગતા પ્રસંગ વાસ્તવમાં આપણને શાશ્વત સુખશાંતિ આપનારા કલ્યાણકારી હોય છે.

જેમકે મારા જીવનમાં મારાં માતુશ્રીના અણધાર્યા મૃત્યુનો પ્રસંગ બન્યો. પ્રાથમિક દૃષ્ટિએ તે સમયે મને તે પ્રસંગ દુ:ખરૂપ, અકલ્યાણકારી લાગતો હતો. પરંતુ તે નિમિત્તે અમારે મારા પિતાજીના ઘરે રહેવા જવાનું થયું. પરિણામ સ્વરૂપ જન્મોજન્મના આરાધ્યદેવ પ.પૂ. સદ્‌ગુરુદેવના સાંનિધ્યને પામવાનો પરમકલ્યાણકારી સુયોગ પ્રાપ્ત થયો. આમ, આ પ્રસંગ જે મને દુ:ખરૂપ, અકલ્યાણકારી લાગતો હતો, તે વાસ્તવમાં પરમકલ્યાણકારી, શાશ્વત સુખશાંતિ આપનાર બની રહ્યો. તન-મન-ધન-વિચાર-વાણી-વર્તનથી જન્મોજન્મના અમારા આરાધ્યદેવમાં એકાકાર થઈ જવાની પૂર્વેજન્મોથી ચાલી આવતી પિપાસા, ભાવના પાછી આ જન્મે જાગ્રૃત થઈ અને વણથંભી આગળ ધપવા પ્રેમ અને સમજણપૂર્વક સક્રિય થઈ.

**ગુરુકૃપા હી કેવલમ્.**

સત્યધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય તો જ આપણી જય.

ઓમ્... ઓમ... ઓમ્...

# સાચી સમજણ

**સંકલન - શશિકાંત પટેલ**

સત્યધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય તો જ આપણી જય.

તા. ૨૬-૬-૨૦૨૧ ને શનિવારે પ.પૂ. સદ્‌ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીમહારાજે મને તથા ઉષાબેનને કામ માટે બોલાવ્યાં હતાં. લગભગ બપોરે બાર વાગે કામ પતાવી અમે બંને પૂજ્યશ્રીના સાંનિધ્યમાં બેઠાં હતાં. ત્યારે પૂજ્યશ્રી સાથે વિશ્વમાં તથા ભારતમાં કોરોનામહામારી ફેલાઈ છે તે વિષે વાત થઈ. અમે પૂજ્યશ્રીને કહ્યું કે ભારતમાં મહામારીની બીજી લહેર શાંત પડવાં માંડી છે. અમદાવાદમાં પણ કેસ ઘણાં જ ઓછા થઈ ગયા છે. તે સાંભળી પૂજ્યશ્રીએ કહ્યું કે તે વાત બરાબર, પરંતુ હજુ મહામારીની ત્રીજી લહેર આવવાની વિષે વૈજ્ઞાનિકો આગાહી કરી રહ્યા છે. વળી, તે મહામારીનું 'ડેલ્ટાપ્લસ' નામે નવું સ્વરૂપ વિદેશમાં ઘણા દેશમાં ફેલાઈ રહ્યું છે. ભારતમાં પણ જો સાવધાની રાખવામાં નહીં આવે, તો ભારતમાં પણ તે ફેલાવાની શક્યતા વૈજ્ઞાનિકો જણાવી રહ્યા છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે વાઈરસનું આ નવું સ્વરૂપ ખૂબ જ ઝડપથી ફેલાય છે. આમ કહી પૂજ્યશ્રીએ તે અંગે ઘટસ્ફોટ કર્યો કે આમ થવું તે સ્વાભાવિક છે, કેમકે તેની ઉત્પતિ જ્યાંથી થઈ હોય તે મુખ્ય કારણને જ્યાં સુધી દૂર કરવામાં ન આવે, ત્યાં સુધી તે સંપૂર્ણપણે દૂર થાય નહીં. આમ, તેની ઉત્પત્તિના મુખ્ય કારણને દૂર કરવાને બદલે આપણે અન્ય ઉપચાર કરીએ, તો તેથી તે કાયમ માટે સંપૂર્ણપણે દૂર થાય નહીં પરંતુ અમુક સમય સુધી તે વધતેઓછે અંશે દબાય અને તેનાથી આંશિક રાહત પણ મળે. પરંતુ જ્યાં તે દવાની અસર ઓછી થવા માંડે. એટલે તે ફરી માથું ઊંચકે અર્થાત્ તેની પ્રબળતા વધવા માંડે. કાયમી છુટકારો મળે નહીં. માટે જો કાયમી છુટકારો મેળવવો હોય, તો તેને મૂળમાંથી દૂર કરવો પડે. પૂજ્યશ્રી કહે કે નેચરોપથીવાળા આ વિચારસરણી ધરાવતા હોય છે. અને તેને અનુરૂપ ઉપચાર કરતા હોય

છે. અમને પણ નાનપણથી જ નેચરોપથીની સમજણ અમારા મામા દ્વારા પ્રાપ્ત થયેલી છે. તેથી અમારી વિચારસરણી પણ નાનપણથી આ જ રહેલી છે.

અહીં આપણા સહુને અતિ ઉપયોગી એક ખાસ રજૂઆત કરવાને નમ્ર પ્રયત્ન ગુરુકૃપાએ કરી રહ્યો છું. પૂજ્યશ્રી આપણને સહુને કૃપા રૂપે જે કાંઈ પણ વાત સહજભાવે કરતા હોય છે, તેની ઉપર ચિંતન-મનન કરીશું તો આપણને સમજાશે કે આપણા સાંસારિક તેમજ આધ્યાત્મિક જીવનમાં સુખ, શાંતિ અને કલ્યાણ પ્રાપ્ત કરવામાં અતિ સહાયક, પ્રેરણાદાયી સાચી સમજણનો સદ્‌બોધ તેમાં ગર્ભિત રીતે રહેલો હોય છે. પૂજ્યશ્રીએ સમજાવ્યું કે કોઈ પણ બિમારીજન્ય વાઈરસ કે રોગમાંથી કાયમી છુટકારો મેળવવો હોય, તો તે જે મુખ્ય કારણથી પેદા થયો હોય તે કારણને દૂર કરવામાં આવે. તો બિમારીમાંથી કાયમી છુટકારો મેળવી શકાય.

આમ, પૂજ્યશ્રીએ બિમારીમાંથી કાયમી મુક્તિ મેળવવાનો સાચો અને સચોટ સ્વાનુભવયુક્ત ઉપાય સમજાવ્યો. તેની ઉપર શાંતિથી વિચારીશું તો આપણને સમજાશે કે પૂજ્યશ્રીએ બિમારીમાંથી કાયમી છુટકારો મેળવવા માટે જરૂરી ઉપાય કેવી રીતે કરવો તે સમજાવી તેના માધ્યમ દ્વારા આપણે આપણું સાંસારિક અને આધ્યાત્મિક જીવન નિર્વિઘ્ને સુચારુ રીતે જીવી શકીએ, તે માટેનો અમૂલ્ય-સચોટ ઉપાય ગર્ભિત રૂપે સમજાવી દીધો, જેવી રીતે કોઈ બિમારીમાંથી મુક્તિ મેળવવી હોય, તો તે બિમારી પેદા થવાનું જે મુખ્ય કારણ હોય તેને દૂર કરવામાં આવે તો બિમારીમાંથી કાયમી મુક્તિ મેળવી શકાય છે. તેવી રીતે જીવનમાં, પરિવારમાં સમાજમાં અશાંતિ, ક્લેશ, અજંપો, વિખવાદ જેવી અનેક વિટંબણાઓ પેદા કરનાર અનેક પરિબળો હોય છે કે જે સુખ-શાંતિને ડહોળી નાંખે છે. તેવી પરિસ્થિતિ પેદા થવા માટે મુખ્ય કારણરૂપ જે પરિબળ હોય તે ક્યાંથી, કેવી રીતે, શા માટે પેદા થયાં તે અંગે વિચારી તેની જાણકારી પ્રાપ્ત કરવી જોઈએ. પછી તે મુખ્ય કારણરૂપ પરિબળને સમજણ અને ધીરજપૂર્વક પ્રયત્ન કરી દૂર કરવાં જોઈએ. તો જીવન, પરિવાર, સમાજમાંથી અશાંતિ, ક્લેશ, અજંપો, વિખવાદ જેવી સુખ-શાંતિ ડહોળી નાંખનાર વિટંબણાઓ દૂર થવાથી સુખ-શાંતિ પામી શકાય. પરંતુ જો આપણે તે કારણરૂપ મુખ્ય પરિબળને દૂર કરવાને બદલે અન્ય ઉપાયો કરીએ, તો થોડા સમય પૂરતો સુખ-શાંતિ મળ્યાનો અહેસાસ થાય, પરંતુ અમુક સમય બાદ તે પરિબળ કોઈ ને કોઈ રીતે સક્રિય થાય. તેથી પાછાં સુખ-શાંતિ ડહોળાઈ જાય છે. પરિણામે મળવાપાત્ર જરૂરી સુખ-શાંતિથી વંચિત રહીએ છીએ. તેવી જ રીતે આપણી આધ્યાત્મિક ઊર્ધ્વગતિમાં પણ બાધક એવું જે મુખ્ય કારણ હોય, તેને કાયમ માટે દૂર કરવામાં આવે, તો આપણી આધ્યાત્મિક ઊર્ધ્વગતિ નિર્વિઘ્ને થાય છે. આપણું કલ્યાણ થાય છે, પરંતુ જો આધ્યાત્મિક ઊર્ધ્વગતિમાં અવરોધક મુખ્ય કારણને દૂર કરીએ નહીં તો ઊર્ધ્વગતિ અટકી જાય છે. પરિણામે આપણું અકલ્યાણ થાય છે. તેથી સૌએ સાવધાની અને સમજદારીપૂર્વક એ ધ્યાન ખાસ રાખવું જોઈએ કે ચાહે કોઈ બિમારી હોય કે જીવનમાં પેદા થતી અન્ય સાંસારિક કે આધ્યાત્મિક સમસ્યા હોય, તેના મુખ્ય કારણને જાણી તેને દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઈએ, તો જ સમસ્યામાંથી કાયમી છુટકારો પ્રાપ્ત થાય. આને આપણે એક દૃષ્ટાંતથી સમજવાનો પ્રયત્ન કરીએ.

પૂજ્યશ્રી સહજભાવે જે કાંઈ પણ વાત સમજાવે છે તે ઓમ્‌પરમાત્માની પ્રેરણાથી જ સમજાવતા હોય છે, તેની પાછળ તેમનો મુખ્ય ઉદ્દેશ્ય લોકકલ્યાણનો જ રહેલો છે કે જેના માટે તેમણે જીવન સમર્પિત કર્યું છે, તેની પર ચિંતન-મનન કરીએ તો ગુરુકૃપાએ આપણને જીવનમાં સુખ-શાંતિ પ્રાપ્ત કરવાની, મનુષ્યજન્મ સાર્થક કરવાનો તાત્ત્વિક સમજણરૂપી સદ્‌બોધ અવશ્ય પ્રાપ્ત થાય જ છે.

સત્યધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય તો જ આપણી જય.

ઓમ્... ઓમ્... ઓમ્...

**સત્યધર્મ ગુરુદેવ કી જય**

# આજનું ભાથું

**પ.પૂ. ગુરુદેવની ફેસબુક પોસ્ટમાંથી સાભાર**

## પ્રજાપતિ-૫૪

ખંડેરાવપુરાના નાથાભાઈ પ્રજાપતિની આ વાત છે. તેઓ ખરેજ પ્રજાપતિ, સ્વભાવે ખૂબ સાચાબોલા અને ગુરુસંતપ્રેમી, કોઈ કારણસર, ગામ સાથેનો તેમનો સામાજિક સંબંધ ટૂટી ગયો. નાથાભાઈએ ખૂબ પ્રયત્નો કરીને પાછો સંબંધ ચાલુ કરાવ્યો. એ ખબર ગોવિંદપુરા રહેતા તેમના ભાઈ નાગરભાઈને પડી. બંને ભાઈ એક સ્વભાવના, એટલે તેઓ કહે નાથાભાઈએ આ ઠીક ન કર્યું. આપણને સાચું લાગે તે કરવાનો આપણો સ્વભાવ છે, તેથી અવાર નવાર આવું તો બનતું જ રહેવાનું - તો કેટલી વાર આપણે સમાધાન માટે વલખાં મારી શકીશું ? માટે સત્યના પાલન માટે બહિષ્કાર સહન કરી લેવો એ જ આપણા માટે હિતકારક છે.

તેમના નાના ભાઈ નદાણ રહેતા, કે જે અમારું જન્મગામ છે.

(વર્ષો પહેલાંના પ્રસંગનો અહીં ઉપયોગી સાર માત્ર મૂક્યો છે.)

## સાસુ - ૫૦

**આદર્શ સાસુનું, વહાલી પુત્રવધૂને નિમંત્રણ :**

વહાલી પૂત્રવધૂ...
બાબુલના ઘરેથી વિદાય લઈ,
સાસરિયું શોભાવવા આવજે...
માતા-પિતાના સંસ્કાર લઈ,
સૌને રીઝવવા આવજે,
વહુ તો સર્વે બને,
પણ તું અમારી દીકરી બનવા આવજે...
તારા આ શુભ આગમનથી,
હૃદયસુમન અમારાં ખીલી જશે,
હૈયું ભરાશે આપનું પણ,
ગૌરવ અમારું વધી જશે.

## મંત્ર-૪૮

શરીર જયારે સંપૂર્ણ પરવશ થઈ જાય, પડખું ફેરવવાની શક્તિ પણ ન હોય ત્યારે ભલે બીજું કાંઈ ન કરી શકીએ, પણ મંત્રજાપ કરી શકાય.

મંત્રજાપની મહત્તા ઘણી છે. ગીતામાં તો તેને ‘જપયજ્ઞ’ કહ્યો છે.

જપયજ્ઞમાં માળાની જરૂરત નહિ. અનુષ્ઠાન કે પુરશ્ચરણ કરતી વખતે, મંત્ર ગણવા માટે માળાની જરૂરત પડે.

## ગાદીપતિ-૫૩

અમે ખંડેરાવપુરા ગામના ત્યાં રહેતા ત્યારની આ વાત છે.

રવજીભાઈ ગં. પટેલ કરીને એક અતિ નિખાલસ, પરગજુ, સત્યપ્રિય વ્યક્તિ પણ ત્યાં વસતા હતાં. અમારા મામાના મિત્ર એટલે અમે તેમને મામા કહેતા. અમારા તરફ અઢળક પ્રેમ, શ્રદ્ધા, વિશ્વાસ રાખે. તેઓ ક્યારેક અમને કહેતા કેઃ-

ભાણાભાઈ... જો કોઈપણ સંપ્રદાયના-ગાદીપતી-મુખ્યમહંત નિમવાની સત્તા અમારા હાથમાં હોય તો તે સંપ્રદાયના ગાદીપતિ તરીકે અમે તમને જ નિમીએ.

અત્યારે તેઓ નથી પણ તેમનો ગુરુસંત-પ્રેમી પરિવાર પણ અમારા તરફ તેમના જેટલો જ પ્રેમ રાખે છે.

ત્યાંના ખેતરમાં અમારી ‘યોગસાધના કુટીર’ હતી તેના તેઓ વ્યવસ્થાપકોમાંના એક હતાં.

## જનોઈ-૪૮

દર વર્ષ જૂની જનોઈ ઉતારી ને નવી ધારણ કરવી એટલે દર વર્ષે જુના અકલ્યાણકારી વિચારોનો પરિત્યાગ કરીને નવા નક્કોર કલ્યાણકારી વિચારો ધારણ કરવાના-અપનાવવાના.

આ થયો ‘યજ્ઞોપવિત ધારણ કરવાનો’ તાત્ત્વિક અર્થ, એ કાંઈ માત્ર દોરા બદલવાના નથી.

**સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય તો જ આપણી જય**

ईश्वर का बोधक (नाम) प्रणव/ओम् है।




( समाधिपाद के सूत्रों का भावानुवाद )

(२४) क्लेश, कर्म, कर्मफल और वासना जिसमें नहीं है ऐसा पुरुषविशेष/चेतनविशेष ईश्वर है।

(२५) ईश्वर संपूर्ण सर्वज्ञ है।

(२६) ईश्वर पूर्वकाल के गुरुओं के भी गुरु है और काल की मर्यादा से (जन्म–मृत्यु से) पर है ।

(२७) ईश्वर का नाम प्रणव/ओम् है ।

(२८) अर्थ के चिन्तन सहित ओम् का जप करना।

(२९) चिन्तन सहित जप करने से अन्तरायों का अभाव और आत्मसाक्षात्कार होता है।

---

## ● ટ્રસ્ટના ઉદ્દેશો

(૧) સર્વવ્યાપક પરમ સૂક્ષ્મ ચેતન તત્ત્વ કે જેનું નામ પ્રણવ (ઓમ્–ૐ) છે તેની પ્રતીતિ બહુજનસમાજને કરાવવાનો પ્રયત્ન કરવો. (૨) 'યોગ'નો પ્રચાર, પ્રસાર અને સંશોધન કરવા પ્રયત્ન કરવો. (૩) સમાજનું નૈતિક ધોરણ ઊંચું લાવવા માટે સાહિત્ય દ્વારા આધ્યાત્મિક જ્ઞાનનો પ્રચાર અને પ્રસાર કરવાનો પ્રયત્ન કરવો. (૪) આ ઉપરાંત 'બહુજનહિતાય–બહુજનસુખાય'ને લગતાં કાર્યો, જેવાં કે, કેળવણી, તબીબી સારવાર વગેરે કરવા માટે પ્રયત્ન કરવો.

● પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી મહારાજશ્રી સાથેનાં પ્રેરક પ્રસંગો - સંસ્મરણો સંક્ષિપ્તમાં આવકાર્ય છે.

● "ઓમ્ પરિવાર"ની કલ્યાણકારી પ્રવૃત્તિઓ વિશેની માહિતી પણ સંક્ષિપ્તમાં આવકાર્ય છે.

નોંધ : જગ્યા-મર્યાદાને કારણે અન્ય કૃતિ-સામગ્રી સ્વીકારી શકાતી નથી.

- રુતમ્ભરા સંપાદન સમિતિ

**લવાજમદર :**

| | | | |
|---|---|---|---|
| ત્રિવાર્ષિક સભ્ય (ભારતમાં) | ... | ₹ | ૧૦૦-૦૦ |
| આજીવન સભ્ય (ભારતમાં) | ... | ₹ | ૫૦૦-૦૦ |
| ત્રિવાર્ષિક સભ્ય (પરદેશમાં) | ... | $ | ૫૦-૦૦ |
| આજીવન સભ્ય (પરદેશમાં) | ... | $ | ૧૫૦-૦૦ |

**લવાજમ મોકલવાનું કે રુતમ્ભરાને લગતો પત્રવ્યવહાર કરવાનું સ્થળ :**

ડૉ. સોમાભાઈ એ. પટેલ (ડૉ. સ.સ. ભિક્ષુ)
૩/બ, પલિયડનગર, દર્પણ સર્કલ પાસે,
સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ રોડ,
નારણપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩
☎ ૦૭૯ ૨૭૯૧૧૧૯૫ ૯૮૨૫૪૪૩૬૪૨

**સૂચના :-**

(૧) લવાજમ ચેક, ડ્રાફ્ટ અથવા મનીઓર્ડર દ્વારા "ઑમ્ગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટ" ના નામે મોકલવું. સાથે આપનું પૂરુ નામ, સરનામું શુદ્ધ અક્ષરોમાં લખી મોકલવાં.

(૨) જે સભ્યના રહેઠાણનું રુતમ્ભરા અંક મોકલવાનું સ્થળ બદલાયું હોય તેમણે તેમના નવા રહેઠાણનું પૂરુ સરનામું L.M. નંબર સાથે લખી મોકલવું, જેથી વ્યવસ્થાપકો દ્વારા અંક મોકલવામાં સરળતા રહે.

Registrar of News Papers of India
under Regd. No. 48770/90
L-5/131/QTY./34/90-91

## આદ્ય સંસ્થાપક તથા આધ્યાત્મિક વડા
## પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી

PRINTED & PUBLISHED BY :-
Dr. S. S. Bhikshu for

**AUMGURU PREMSAMARAPANDHYANBHIKSHU PARIVAR TRUST**

(Reg. No. E/4416 Date 11-5-81)

From :- 3/B, Paliadnagar Society,
Naranpura, Ahmedabad-13
Printed at : Shardul Printing Press
Hon. Editor : Minish Patel
I.T.Exe. DIT (E)/80G(5) / 252 / 2008-09

To,

Web : www.yogabhikshu.org
E-mail : aumparivar@yahoo.com

Facebook : yogabhikshu.aumparivar
Playstore App. : Guru Vatsalya